dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 09 | Issue- 16 | AD - 2025, Aso Vad-10 | Thursday, Dt.16-10-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

**મતદાનનો પ્રથમ તબક્કો ૬ નવેમ્બરે જ્યારે બીજો તબક્કો ૧૧ નવેમ્બરે યોજાશે, પરિણામો ૧૪ નવેમ્બરે જાહેર થશે**

# જ.દ.યુ.એ પોતાની પ્રથમ યાદીમાં ૫૭ ઉમેદવારોના નામ જાહેર કર્યા

પટણા,તા.૧૫

જદયુ એ બિહાર વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારોની પોતાની પ્રથમ યાદી જાહેર કરી છે. પ્રથમ યાદીમાં ૫૭ ઉમેદવારોના નામ છે. આલમનગર વિધાનસભા બેઠક પરથી નરેન્દ્ર નારાયણ યાદવ, મધેપુરાથી કવિતા સાહા, મહારાજગંજથી હેમ નારાયણ સાહા અને મોકામાના અનંત સિંહના નામ જાહેર કરવામાં આવ્યા છે. જદયુ દ્વારા જાહેર કરાયેલી યાદીમાં જાતિગત મતભેદોને દૂર કરવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો છે. જદયુ અને ચિરાગ પાસવાન વચ્ચે કેટલીક બેઠકો પર મતભેદના અહેવાલો સામે આવ્યા છે. જોકે, JDU એ હજુ સુધી આ બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કર્યા નથી. એનડીએએ રવિવારે તેની બેઠક વહેંચણી યોજનાની જાહેરાત કરી હતી. ભાજપ અને જદયુને સમાન સંખ્યામાં બેઠકો મળી છે, દરેકને ૧૦૧. ચિરાગ પાસવાનની લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ) ને ૨૯ બેઠકો ફાળવવામાં આવી છે, જ્યારે જીતન રામ માંઝીની હિન્દુસ્તાની અવમ મોરચા (ધર્મનિરપેક્ષ) અને ઉપેન્દ્ર કુશવાહાના રાષ્ટ્રીય લોક મોરચાને છ-છ બેઠકો ફાળવવામાં આવી છે. જદયુ ઉમેદવારોની પ્રથમ યાદી મુજબ આલમનગર - નરેન્દ્ર નારાયણ યાદવ, ૨. બિહારીગંજ - નિરંજન કુમાર મહેતા, ૩. સિંહેશ્વર (SC)- રમેશ ઋષિદેવ, મધેપુરા - કવિતા સાહા, સોનબરસા (SC) - રત્નેશ સદા, મહિસી - ગુંજેશ્વર સાહ, કુશેશ્વરસ્થાન (SC) - અતિરેક કુમાર, બેનીપુર - વિનય કુમાર



ચૌધરી, દરભંગા ગ્રામ્ય - ઈશ્વર મંડળ, બહાદુરપુર - મદન સાહની, ગાયઘાટ - કોમલ સિંહ, મીનાપુર - અજય કુશવાહા, સાકરા (એસસી)- આદિત્ય કુમાર, કાંતિ - અજિત કુમાર, કુચાઈકોટ - અમરેન્દ્ર કુમાર પાંડે, ભોર (એસસી)- સુનિલ કુમાર, હથુઆ - રામસેવક સિંહ, બરૌલી - મનજીત સિંહ, જીરાદેઈ - ભીષ્મ કુશવાહ, રઘુનાથપુર – વિકાસ કુમાર સિંહ ઉર્ફે જીશુ સિંહ, બારહરિયા – ઈન્દ્રદેવ પટેલ, મહારાજગંજ – હેમ નારાયણ સાહ, એકમા – ધૂમલ સિંહ, માંઝી – રણધીર સિંહ, પારસા – છોટે લાલ રાય, વૈશાલી – સિદ્ધાર્થ પટેલ, રાજપાકર (એસસી) – મહેન્દ્ર રામ, મહનાર – ઉમેશ સિંહ કુશવાહા, કલ્યાણપુર – મહેશ્વર હજારી, વારિસનગર – મંજરીખા મૃણાલ, સમસ્તીપુર – અશ્વમેઘ દેવી, મોરવા – વિદ્યાસાગર સિંહ નિષાદ, સરાયરંજન – વિજય કુમાર ચૌધરી, વિભૂતિપુર – રવીના કુશવાહા, હસનપુર – રાજ કુમાર રાય, ચેરિયા બરિયારપુર – અભિષેક કુમાર, માટીહાની – રાજકુમાર સિંહ, અલૌલી- રામચંદ્ર, ખાગરીયા - બબલુ મંડળ, બેલદૌર - પન્ના લાલ પટેલ, જમાલપુર - નચિકેતા મંડળ, સૂર્યગઢ - રામાનંદ મંડળ, શેખપુરા - રણધીરકુમાર સોની, રબીઘા - કુમાર પુષ્પંજય, અસ્થાવન - જિતેન્દ્ર કુમાર, રાજગીર - કૌશલ કિશોર, મોકામા - અનંત સિંહ, ફુલવારી - શ્યામ રજક, મસૌરી - અરુણ માંઝી, સંદેશ - રાધા ચરણ સહ, જગદીશપુર - ભગવાન સિંહ કુશવાહા, ડુમરાઓ - રાહુલ સિંહ, રાજપુર - સંતોષ કુમાર નિરાલાનો સમાવેશ થાય છે. બિહાર વિધાનસભાનો વર્તમાન કાર્યકાળ ૨૨ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ સમાપ્ત થાય છે. બિહારમાં મતદાન બે તબક્કામાં હાથ ધરવામાં આવશે. પ્રથમ તબક્કો ૬ નવેમ્બરે યોજાશે, જ્યારે બીજો તબક્કો ૧૧ નવેમ્બરે યોજાશે. પરિણામો ૧૪ નવેમ્બરે જાહેર કરવામાં આવશે.

# દિલ્હીમાં ગ્રીન ફટાકડા ફોડવાની શરતો સાથે સુપ્રીમે મંજૂરી આપી

નવી દિલ્હી,તા.૧૫

દિવાળી પહેલા નોંધપાત્ર છૂટછાટ આપતા, સુપ્રીમ કોર્ટે બુધવારે તહેવાર દરમિયાન દિલ્હી અને એનસીઆરમાં ગ્રીન ફટાકડાના વેચાણ અને ઉપયોગને ચોક્કસ શરતોને આધીન મંજૂરી આપી છે. કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું કે ગ્રીન ફટાકડાનો ઉપયોગ દિવાળી અને તેના આગલા દિવસે ફક્ત થોડા કલાકો માટે જ થઈ શકે છે. કોર્ટે કહ્યું કે ગ્રીન ફટાકડાના વેચાણને ફક્ત ૧૮ ઓક્ટોબરથી ૨૦ ઓક્ટોબર





સુધી જ મંજૂરી આપવામાં આવશે. દિવાળીના આગલા દિવસે અને દિવાળીના દિવસે, ફટાકડા ફક્ત સવારે ૬ થી ૭ વાગ્યા સુધી અને રાત્રે ૮ થી ૧૦ વાગ્યા સુધી જ ફોડવાની મંજૂરી આપવામાં આવશે. આ ફટાકડા ફક્ત જિલ્લા કલેક્ટર અને પોલીસ અધિક્ષક દ્વારા સંયુક્ત રીતે નક્કી કરાયેલા સ્થળોએ જ વેચવામાં આવશે. આ સ્થળો વિશેની માહિતીનો વ્યાપકપણે પ્રચાર કરવામાં આવશે જેથી લોકોને ખબર પડે કે ગ્રીન ફટાકડા ક્યાંથી ખરીદવા. કોર્ટે પોલીસ અને જિલ્લા વહીવટીતંત્રને સંયુક્ત રીતે પેટ્રોલિંગ ટીમો બનાવવાનો આદેશ આપ્યો છે. આ ટીમોમાં રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓનો પણ સમાવેશ થશે. આ ટીમો ખાતરી કરશે કે ફક્ત QR કોડવાળા ગ્રીન ફટાકડા વેચાય. આ આદેશનું ઉલ્લંઘન કરનાર કોઈપણ દુકાનદાર અથવા કંપનીનું લાઈસન્સ રદ કરવામાં આવશે અને કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. બેરિયમ આધારિત ફટાકડા, તારવાળા ફટાકડા અને NEERI દ્વારા માન્ય ન હોય તેવા ફટાકડા પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવામાં આવશે. ઓનલાઈન (ઈ-કોમર્સ) વેબસાઈટ્સ પર ફટાકડાના વેચાણ અથવા ખરીદી પર પણ સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવામાં આવશે. સુપ્રીમ કોર્ટે ચેતવણી આપી છે કે જો નિયમોનું પાલન નહીં કરવામાં આવે તો ફરીથી સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવશે. કોર્ટે જણાવ્યું હતું કે તહેવારનો આનંદ મહત્વપૂર્ણ છે, પરંતુ આરોગ્ય અને સ્વચ્છ હવાનો અધિકાર વધુ મહત્વપૂર્ણ છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને ૧૪ થી ૨૫ ઓક્ટોબર વચ્ચે હવા, માટી અને પાણીની ગુણવત્તાના અહેવાલો તૈયાર કરીને કોર્ટમાં સબમિટ કરવાનો પણ આદેશ આપ્યો હતો.

# જેસલમેર-જોધપુર હાઈવે પર એસી બસમાં આગ લાગતા ૨૦ ભડથુ

જેસલમેર,તા.૧૫



જેસલમેરના જેસલમેર-જોધપુર હાઈવે પર ૫૭ મુસાફરોને લઈ જતી એક એસી સ્લીપર બસમાં આગ લાગી ગઈ હતી. ઘણા મુસાફરો જીવ બચાવવા માટે સળગતી બસમાંથી કૂદી પડ્યા હતા. આગમાં લપેટાયેલી બસ લગભગ ૫૦ મીટર સુધી દોડતી રહી. પસાર થતા લોકોએ તાત્કાલિક પાણીના ટેન્કરો બોલાવ્યા અને બચાવ કામગીરી શરૂ કરી. પસાર થતા લોકોની મદદથી, ઘાયલોને બસમાંથી બહાર કાઢવામાં આવ્યા અને જેસલમેરની જવાહર હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. આ અકસ્માતમાં ૨૦ મુસાફરોના મોત થયા હતા, જ્યારે ૧૫ અન્ય લોકો દાઝી ગયા છે. બસમાં મુસાફરી કરી રહેલા લોકોમાં, કેટલાક દિવાળી માટે તેમના ઘરે જઈ રહ્યા હતા તો કેટલાક તેમના સંબંધીઓને મળવા જોધપુર જઈ રહ્યા હતા.

**દિવાળી મનાવવા ઘરે જઈ રહ્યા હતા ત્યારે બની કરૂણાંતિકા**

## તમિલનાડુમાં હિન્દી ભાષાના ઉપયોગ પર પ્રતિબંધ ?



ચેન્નાઈ,તા.૧૫

તમિલનાડુમાં CM એમકે સ્ટાલિનના નેતૃત્વ હેઠળની દ્રવિડ મુનેત્ર કઝગમ (DMK) સરકાર બુધવારે રાજ્ય વિધાનસભામાં હિન્દી ભાષાના ઉપયોગ પર પ્રતિબંધ મૂકતું બિલ રજૂ કરે તેવી સંભાવના છે. મીડિયા અહેવાલો અનુસાર, સરકાર સમગ્ર તમિલનાડુમાં હિન્દી હોર્ડિંગ્સ, બિલબોર્ડ, ફિલ્મો અને ગીતો પર પ્રતિબંધ મૂકવા માંગે છે. સરકારે મંગળવારે રાત્રે કાયદાકીય નિષ્ણાતો સાથે એક ઈમરજન્સી બેઠક બોલાવી હતી જેથી બિલ પર ચર્ચા કરી શકાય. તમિલનાડુ વિધાનસભાનું એક ખાસ સત્ર ૧૪ ઓક્ટોબરથી શરૂ થયું હતું અને ૧૭ ઓક્ટોબરના રોજ સમાપ્ત થશે. પૂરક બજેટ અંદાજો પણ રજૂ થવાની અપેક્ષા છે. તમિલનાડુમાં સ્ટાલિન સરકાર અને કેન્દ્ર સરકાર વચ્ચે લાંબા સમયથી રાજ્યમાં હિન્દી ભાષા મામલે ટકરાવ ચાલી રહ્યો છે.









## ગંદકી, કચરાને નજરઅંદાજ કરી સ્વચ્છતાની રેલી આગળ નીકળી

# બગસરા નગરપાલિકાની સ્વચ્છતાની રેલી નજીક ગંદકીના ગંજ ખડકાયા

બગસરા,તા.૧૫

રાજય સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાન માટે લોકોને જાગૃત કરવામાં આવે છે પરંતુ નગરપાલિકા દ્વારા જ શાકમાર્કેટમાં ગંદકીના ગંજ ખડકી અને કચરાના ઢગ પાસેથી જ સ્વચ્છતાની રેલી નીકળતા પાલિકાની કામગીરી સામે આક્રોશ ફેલાયો છે. રાજયમાં સ્વચ્છતા અને વિકસીત ભારતના શપથ લેવડાવવામાં આવે છે ત્યારે બગસરા પાલિકા દ્વારા વિકસીત ભારત અને સ્વચ્છતા માટે શપથ લેવડાવવામાં આવી રહ્યાં છે ત્યારે તેના ભાગરૂપે પાલિકા દ્વારા સ્વચ્છતાની રેલી કાઢવામાં આવી હતી. જો કે રેલી નજીક જ શાકમાર્કેટ પાસે ગંદકીના ગંજ ખડકાયા હતા જેનો વીડિયો



સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. હાલ દિવાળીનો તહેવાર નજીક હોય ત્યારે વેપારીઓ દુકાનની સાફ-સફાઈ કરતા હોય જેથી ગંદકીનું પ્રમાણ વધવા પામ્યુ છે. શહેરના માર્કેટિંગ યાર્ડ પાસે પણ શાકભાજીના વેપારીઓ સડેલા શાકભાજી ફેંકતા હોવાથી આસપાસના દુકાનદારોને બેસવું મુશ્કેલ થઈ પડ્યુ છે. આ અંગે દુકાનદારોએ જણાવ્યું હતું કે, દુકાનના ઓટા પર સડેલા શાકભાજી ફેંકવામાં આવે છે આ બાબતે યાર્ડના સંચાલકો યોગ્ય કાર્યવાહી કરે તેવી માંગ કરવામાં આવી છે.

# કોંગ્રેસનુ 'સંગઠન સૃજન અભિયાન': લીલીયા, સાવરકુંડલા, રાજુલામાં મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ

અમરેલી, તા.૧૫



ગુજરાત પ્રદેશ કોંગ્રેસના નિરીક્ષકો ભીખુભાઈ વારોતરીયા, લલીતભાઈ વસોયા, દિનેશભાઈ મકવાણાની ઉપસ્થિતિમાં લીલીયા, સાવરકુંડલા અને રાજુલામાં 'સંગઠન સૃજન અભિયાન' અંતર્ગત અગત્યની બેઠક યોજાઈ હતી. જિલ્લા પ્રમુખ પ્રતાપભાઈ દુધાત સહિત પૂર્વ પ્રમુખો અને અગ્રણીઓ (ડી.કે. રૈયાણી, ઠાકરશીભાઈ મેતલીયા, વલ્લભભાઈ ઝીંઝૂવાડિયા, નરેશદાદા અધ્યારુ, મનીષભાઈ ભંડેરી, સંદીપ પંડ્યા, અર્જુનભાઈ સોસા)ની આગેવાની રહી. આગામી ચૂંટણીને ધ્યાને લઈને સંગઠનને તાલુકાવાર મજબૂત કરવા પર ભાર મૂકાયો. પ્રભારી મંત્રીએ આવનાર ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ તાલુકા, જિલ્લા અને નગરપાલિકામાં વિજય મેળવે તે માટે આયોજન કરવાની વાત કરી હતી.

# વડીયાના પોલીસ સ્ટેશનમાં આરાધના કુમાર છાત્રાલયનો ત્રિવિધ કાર્યક્રમ યોજાયો

વડીયા,તા.૧૫

વડીયામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના અભ્યાસ માટે આરાધના કુમાર છાત્રાલય કાર્યરત છે. જેમાં વસવાટ કરી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પ્રાથમિકથી ઉચ્ચ શિક્ષણ સુધીનો અભ્યાસ કરે છે. આ છાત્રાલયના સંચાલક દિનેશભાઈ સોલંકી અને વડીયા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ



ગાંગણાએ સંયુક્ત રીતે વડીયા પોલીસ સ્ટેશન ખાતે ત્રિવિધ કાર્યક્રમ યોજ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ઓક્ટોબર માસ અને ગાંધી સપ્તાહ અંતર્ગત પોલીસ સ્ટેશન અને આસપાસના એરિયામાં સફાઈ અભિયાન હાથ ધર્યુ હતું. પોલીસ સ્ટેશનમાં બાળકોની મુલાકાત ગોઠવી પોલીસની કામગીરી અને ગુનાઓ સાથે મોબાઈલ અને ઈન્ટરનેટના યુગમાં સાઈબર ક્રાઈમ અને ગુડ ટચ-બેડ ટચ બાબતે ઈન્ચાર્જ પીઆઇ ગાંગણા દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળ્યું હતું. છાત્રાલયના ટ્રસ્ટી લાલભાઈ આહું, પોલીસ સ્ટાફ તેમાં જોડાયા હતા.

# કુંકાવાવના સનાળી પ્રાથમિક શાળાના શિક્ષકો વયમર્યાદાને કારણે નિવૃત થયા

અમરેલી,તા.૧૫

સનાળી પ્રાથમિક શાળામાં મંગળવારે, આચાર્ય મુંજપરા ધીરજલાલ અને શિક્ષિકા બાવીશી કાંતાબેનનો વયમર્યાદાને કારણે નિવૃત્તિ વિદાય સન્માન સમારંભ યોજાયો હતો. આ કાર્યક્રમમાં તાલુકાના અન્ય નિવૃત્ત થતા શિક્ષકોને પણ સન્માનિત



કરવામાં આવ્યા હતા. નવા આચાર્ય રાજુભાઈ વઘાસિયાના પ્રાસંગિક ઉદ્‌બોધન બાદ, શાળા પરિવારે નિવૃત્ત થનાર શિક્ષકોને શ્રીફળ, શાલ, શિલ્ડ, સન્માનપત્ર, કપડાં અને ટ્રોલી બેગ અર્પણ કરી સન્માનિત કર્યા હતા. ગામના સરપંચ ગીરીશભાઈ મોવલીયા અને ભૂતપૂર્વ શિક્ષક ચંદુભાઈ પાનસુરીયા દ્વારા ધીરજલાલને સોનાની વીંટી આપી સન્માનિત કરાયા હતા. તાલુકા પંચાયતના સભ્ય ભદ્રેશભાઈ ગજેરાએ પણ બંને શિક્ષકોને શીલ્ડ અને શાલ અર્પણ કર્યા હતા.

# લીલીયામાં ચાલી રહેલા ગટર કામને ઉચ્ચ ગુણવત્તાયુક્ત બનાવવા રજૂઆત કરાઈ

અમરેલી, તા.૧૫

લીલીયા શહેરમાં ગટરનું કામ હાલ ચાલી રહ્યું છે જેથી ગટરનું કામ ઉચ્ચ ગુણવત્તાયુક્ત થાય તે માટે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન રમીલાબેન ધોરાજીયાએ પત્ર પાઠવ્યો છે. લીલીયા શહેરમાં ગટરની સમસ્યા વર્ષો જૂની છે ત્યારે રાજ્ય સરકાર તરફથી ગટરનું કામ મંજૂર કરવામાં આવતા શહેરમાં ગટરનું કામ શરૂ કરવામાં આવ્યું છે ત્યારે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન રમીલાબેન ધોરાજીયાએ ધારાસભ્યો અને કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારીને પત્ર પાઠવી જણાવ્યું છે કે હાલ કાર્યરત ગટરના કામને ઝડપી અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત બનાવવા માટે રજૂઆત કરી છે.

## જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેને ધારાસભ્યોને પત્ર પાઠવ્યો

## સાંસદે અંગત રીતે રૂા.૧૫ લાખ અને વધારાના ૩૫ લાખ એકત્ર કરવાની જાહેરાત કરી

# સાંસદ ભરતભાઈ સુતરીયાએ હાથીગઢ હાઈસ્કૂલની મુલાકાત લીધી

લીલીયા,તા.૧૫

નવભારત કેળવણી મંડળ સંચાલિત એસ.આર. અને એલ.આર. ધોરાજીયા હાઈસ્કૂલ, હાથીગઢની સાંસદ ભરતભાઈ સુતરીયાએ મુલાકાત લીધી હતી. આ તકે ભરતભાઈ સુતરીયાએ આ વિદ્યાદાન રૂપી સેવાકાર્યમાં સહભાગી થવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેમણે અંગત રીતે રૂપિયા ૧૫ લાખ (પંદર લાખ) આપવાની જાહેરાત કરી, તેમજ શાળાના નવનિર્મિત બિલ્ડિંગ કાર્ય માટે વધારાના રૂપિયા ૩૫ લાખ (પાંત્રીસ લાખ) જેવી રકમ એકઠી કરી આપવાની ખાતરી આપી હતી. આ સાથે જ, તેઓ દ્વારા શાળા તેમજ હાથીગઢ ગામમાં પુસ્તકાલયની સુવિધા કરી આપવાની પણ ખાતરી



આપવામાં આવી હતી. નવભારત કેળવણી મંડળના પ્રમુખ હર્ષદભાઈ પટેલે આ વિદ્યાદાન રૂપી સેવાકાર્યમાં માતબર રકમની વ્યવસ્થા કરી આપવા બદલ સાંસદ ભરતભાઈ સુતરીયાનો આભાર વ્યક્ત કર્યો હતો. આ મુલાકાત દરમિયાન પ્રમુખ હર્ષદભાઈ પટેલ, ઉપપ્રમુખ રસિકભાઈ ધોરાજીયા, મંત્રી ડો. અનિલભાઈ ધોરાજીયા, પૂર્વ ધારાસભ્ય હનુભાઈ ધોરાજીયા તેમજ બહોળી સંખ્યામાં હાથીગઢ ગામના પ્રતિષ્ઠિત નાગરિકોએ ઉપસ્થિત રહીને શાળા બિલ્ડિંગના નવનિર્માણના કાર્યમાં પ્રોત્સાહન આપ્યું હતું.

# રાજુલાની સંઘવી કન્યા વિદ્યાલયનો સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવાયો

રાજુલા,તા.૧૫

રાજુલાની શ્રીમતી ત્રિવેણીબેન જમનાદાસ ભાણજી ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે શાળાની ઉચ્ચતર માધ્યમિક શાળાના ૫૦ વર્ષ પૂર્ણ થતાં સુવર્ણ જયંતી મહોત્સવ સમારોહ યોજાયો હતો. આ સાથે શાળામાં વર્ષો સુધી કાર્ય કરી વતન તરફ ગયેલા સારસ્વત રેખાબેન પંડ્યા, પરેશભાઈ લુણાગરિયા અને મુકેશભાઈ સગાળકાનો શુભેચ્છા વિદાય સન્માન સમારોહ પણ યોજાયો હતો. વધુમાં શૈક્ષણિક ક્ષેત્રે ઉત્તમ પરિણામ પ્રાપ્ત કરનાર તેજસ્વી



વિદ્યાર્થિનીઓને પારિતોષિક વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ તકે શાળાનાં ટ્રસ્ટી તેમજ નગરપાલિકા શિક્ષણ સમિતિનાં ચેરમેન રજનીભાઈ જાળોંધરા, જે.પી. ડેર, બાલકૃષ્ણભાઈ ત્રિવેદી કે જેઓ આજે મહિલા કોલેજ રાજુલામાં કાર્યરત છે તેમજ મહિલા કોલેજનાં જ રવિભાઈ વ્યાસ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આભાર વિધિ શાળાના સિનિયર શિક્ષક હિતેશભાઈ ઉપાધ્યાય દ્વારા કરવામાં આવી હતી. વિદ્યાર્થિનીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો.

# મોંઘીબા મહિલા કોલેજના વહીવટી વિભાગના ત્રણ કર્મચારીઓનો નિવૃત્તિ વિદાય સમારોહ યોજાયો

અમરેલી,તા.૧૫

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ ખાતે અઢીથી ત્રણ દાયકા જેટલી સુદીર્ઘ સેવાઓ બજાવીને વયમર્યાદાને કારણે સેવાનિવૃત્ત થયેલ વહીવટી વિભાગના ત્રણ કર્મચારીઓને વિદાયમાન અપાયું હતું.

કોલેજના પ્રારંભ કાળથી



સેવારત વર્ષાબેન શાહ કે જેઓ આ કોલેજમાં હેડ કલાર્ક તરીકે સેવા બજાવીને વયનિવૃત્ત થતાં, ચોથા વર્ગના કર્મચારી તરીકે સેવારત કિશોરસિંહ પરમાર તથા ધર્મેન્દ્રભાઈ અધ્યારૂ પણ વયમર્યાદાને કારણે સેવાનિવૃત્ત થતાં ત્રણેય કર્મચારીઓના નિવૃત્તિ વિદાય સન્માન સમારોહ ૧૩-૧૦-૨૦૨૫ના રોજ યોજાયો હતો. કોલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ.જી.વી. વેલિયતે પ્રાસંગિક ઉદ્‌બોધન કરેલ.

વિદ્યાસભાના નિયામક ડૉ. ગિરીશભાઈ ભીમાણીએ ત્રણેય કર્મચારીઓના નિરામય સ્વાસ્થ્ય અને દીર્ઘાયુષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.









### કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે વર્ચ્યુઅલી સંબોધન કર્યું

# જિલ્લાના ૭૫ હજારથી વધુ ખેડૂતોને રૂ. ૧૧૪ કરોડની સહાય

અમરેલી,તા.૧૫

રાજ્ય સરકાર દ્વારા રાજ્યવ્યાપી કૃષિ વિકાસ દિન અને રવિ કૃષિ મહોત્સવ - ૨૦૨૫ની ઉજવણી કરવામાં આવી રહી છે. રાજ્યકક્ષાએથી રાજ્યના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે વર્ચ્યુઅલી સંબોધન પણ કર્યું હતું. આ અંતર્ગત અમરેલી સ્થિત કડવા પટેલ સમાજ વાડી ખાતે જિલ્લા સાંસદ ભરતભાઈ સુતરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં 'કૃષિ વિકાસ દિન' ૨૦૨૫ અને 'રવિ કૃષિ મહોત્સવ' ૨૦૨૫ જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા પણ ઉપસ્થિત રહ્યા હતા. વિકાસ સપ્તાહ અંતર્ગત જિલ્લા કક્ષાના 'રવિ કૃષિ મહોત્સવ' ૨૦૨૫માં કપાસ પાક નુકસાનીના કૃષિ



રાહત પેકેજ-૨૦૨૪ અંતર્ગત જિલ્લાના ૭૫ હજારથી વધુ ખેડૂતોને રૂ. ૧૧૪ કરોડની સહાયની ચૂકવણી કરવામાં આવી હતી. ઉપરાંત રાજ્ય સરકાર અંતર્ગતની એ.જી.આર. ૫૦ ટ્રેક્ટર ઘટક યોજના હેઠળ રૂ. ૧ લાખની રકમના મંજૂરીના સહાય હુકમો ખેડૂતોને એનાયત કરવામાં આવ્યા હતા. ઉપરાંત પાવર થ્રેસર, સીડડ્રીલ, સ્માર્ટફોન, એ.જી.આર. ૨ એફ.એમ. સહિતના ઘટક હેઠળ ખેડૂતોને સહાયના હુકમો પણ એનાયત કરવામાં આવ્યા હતા. બાગાયત ખાતા હેઠળની ફાર્મ મિકેનાઈઝેશન યોજના હેઠળ એ.આર.ટી. ઘટક હેઠળ રૂ. ૮૪,૧૦૦ની રકમની સહાયની પણ ચૂકવણી કરવામાં આવી હતી.

### અમરેલીમાં સતત બીજા દિવસે ગેસ પાઈપલાઈન લીક

# અમરેલીના લીલીયા રોડ પર આવેલ રેસિડેન્સીમાં આગ લાગતા અફરાતફરી

અમરેલી,તા.૧૫

અમરેલીના લીલીયા રોડ પર આવેલી શ્રીમંદ-૨ રેસિડેન્સીમાં બપોરના સમયે કાળઝાળ ગરમી વચ્ચે ગેસ પાઈપલાઈનમાંથી અચાનક લીકેજ થતા આગ લાગી હતી. સ્થાનિક લોકોએ તાત્કાલિક અમરેલી ફાયર ટીમને જાણ કરી હતી. ફાયર ટીમે ગણતરીની મિનિટોમાં ઘટનાસ્થળે પહોંચી



પાણીનો મારો ચલાવી આગને સંપૂર્ણપણે કાબૂમાં લીધી હતી. આ ઘટનાને કારણે થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જો કે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી. ફાયર વિભાગના ઈન્ચાર્જ ઓફિસર એચ.પી. સરતેજાની ટીમના સાગર પુરોહિત, આશિષ જાની, કૃષ્ણભાઈ ઓળકિયા, ધવલ ચાવડા અને ધર્મેશ જુવાદરીયા દ્વારા આગને કાબુમાં લેવામાં આવી હતી.

# બાબાપુર નજીક આવેલ નાગ વાડીએ સંતવાણીનો ભવ્ય કાર્યક્રમ યોજાયો



તસવીર :હસુભાઇ રાવલ

બાબાપુર તા ૧૫

અમરેલી તાલુકાના બાબાપુર ગામ નજીક આવેલી નાગ વાડીએ સંતવાણીનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. સંતવાણીના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

જેમાં છેક જેતપુર અને ભેસાણથી પણ ભક્તજનોએ સવાર સુધી સંતવાણીની મોજ માણી હતી.

# જાફરાબાદમાં તાલુકા કક્ષાનો રવિ કૃષિ મહોત્સવ યોજાયો: ખેડૂતોને ઓર્ગેનિક ખેતીનું માર્ગદર્શન અપાયું

જાફરાબાદ,તા.૧૫

અમરેલી જિલ્લાના જાફરાબાદ શહેરમાં નગરપાલિકા ટાઉનહોલ ખાતે તાલુકા કક્ષાના રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં અમરેલી, જૂનાગઢ અને ધારી સહિતના વિસ્તારોના કૃષિ વૈજ્ઞાનિકો ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને ખેડૂતોને ખેતી



વિશે, ખાસ કરીને ઓર્ગેનિક ખેતી કરવા અંગે, માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે કૃષિ પ્રદર્શન, પ્રાકૃતિક ખેતી અને અન્ય વિભાગોના સ્ટોલનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અલગ અલગ ધાન્ય, ઓર્ગેનિક ખાતર અને ઓર્ગેનિક પાકના સ્ટોલ ખેડૂતોના આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. ટીંબી માર્કેટિંગ યાર્ડના ચેરમેન ચેતનભાઈ શિયાળે જણાવ્યું હતું કે, જાફરાબાદ તાલુકાના બાબરકોટના બાજરાની ગુજરાત સહિત ભારતભરમાં પ્રશંસા થઈ રહી છે.

# ધારી તાલુકાના બોરડી ગામે ડેન્ગ્યુના શંકાસ્પદ કેસ બાદ ફોગીંગની કામગીરી

અમરેલી,તા.૧૫



ધારી તાલુકાના બોરડી ગામે ડેન્ગ્યુના શંકાસ્પદ કેસ સામે આવતા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, દલખાણીયાની ટીમ દ્વારા પોઝીટીવ કેસ નોંધાયેલા ઘરની આસપાસના ઘરોમાં ફોંગીંગ, પોરાનાશક કામગીરી કરી મચ્છર નિયંત્રણ પગલા લેવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગની જવાબદાર ટીમને ગામમાં ડેપ્યુટ કરી અને આરોગ્ય તંત્ર દ્વારા ડોર-ટુ-ડોર સર્વેલન્સ કરી પાણી સંગ્રહના તમામ પાત્રોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી. પાણીની મોટી ટાંકીઓમાં પોરાભક્ષક ગપ્પી માછલી મૂકવામાં આવી હતી અને શાળાના વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું હતું.

# રાજુલામાં 'જ્ઞાની અને વિજ્ઞાની' પુસ્તક વિમોચન સમારોહ યોજાયો

રાજુલા,તા.૧૫

રાજુલાની આહિર સમાજની વાડી 'જ્ઞાની અને વિજ્ઞાની' પુસ્તક વિમોચન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પુસ્તકના લેખક ડો. પંકજ જોશી, જે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા ખગોળવિદ છે, અતિથિ વિશેષ તરીકે વરિષ્ઠ લેખક અને યુવા નવલકથાકાર, પત્રકાર અને રાજુલાના વતની અને સૌરાષ્ટ્રના માતબર અખબારોમાં કામ કરી



ચૂક્યા છે તેવા ધૈવત ત્રિવેદી તેમજ ગુર્જર પ્રકાશનના મનુભાઈ શાહ આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહેલા. અધ્યાત્મ, વિજ્ઞાન અને સાહિત્યના આ ત્રિવેણી કાર્યક્રમમાં શહેરના આગેવાનો, વેપારીઓ તેમજ વિવિધ સંસ્થાના કાર્યકરો તેમજ લેખકો, કવિઓ તેમજ લોકસાહિત્યકારો હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમમાં રાજુલાના સ્વ. ધીરજરામ શાસ્ત્રી બાપાની ૧૨૩ મી જન્મજયંતી પ્રસંગે તેમના આધ્યાત્મિક પ્રવચનને લેખમાળા સ્વરૂપે સમાવવાનો પ્રયાસ કરવા પરિવાર તથા શિષ્ય પરિવાર દ્વારા આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું આયોજન કરશનભાઈ ગોહિલ, બાલકૃણભાઈ ત્રિવેદી, શાસ્ત્રી પરિવાર દ્વારા કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પીયૂષભાઈ દેસાઈએ કર્યુ હતું.

# કુંકાવાવના તરઘરી ગામે ૩૬૮ લોકોએ ભારત વિકાસના શપથ લીધા

અમરેલી,તા.૧૫

કુંકાવાવ તાલુકાના તરઘરી ગામે વિકાસ રથનું ઉળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. સોમવાર રાત્રે તરઘરી મુકામે યોજાયેલા કાર્યક્રમમાં વિકાસ સપ્તાહ અંતર્ગત નાગરિકોને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓનો સીધો લાભ આપવામાં આવ્યો હતો. જિલ્લા વિકાસ અધિકારી પરીમલ પંડ્યા



અને તાલુકા પંચાયતના પ્રમુખ પરશોત્તમભાઈ હિરપરાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા કાર્યક્રમમાં ૩૬૮ વ્યક્તિઓએ 'ભારત વિકાસ શપથ' લીધા હતા. ગ્રામ વિકાસના સુવિધામાં ઉમેરો કરતા આશરે રૂ. ૨૨ લાખના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગ્રામજનોને રાજ્ય અને કેન્દ્ર સરકારની કલ્યાણકારી યોજનાઓના લાભનું વિતરણ કરવામાં આવ્યું હતું. આઈ.સી.ડી.એસ. દ્વારા વાનગી પ્રદર્શન અને મહિલા તેમજ બાળ કલ્યાણ વિભાગનું પ્રદર્શન યોજાયું હતું. ગ્રામજનો આ કાર્યક્રમમાં ઉત્સાહભેર જોડાયા હતા.

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

## અવસાન નોંધ

**રાજકોટ**

સ્વ.રમેશભાઈ ડાયાલાલ પોપટ આદીત્યાણા વાળા (હાલ રાજકોટ) તે વિજયભાઈ તથા મનોજભાઈના ભાઈ રેખાબેનના પતિ, જયદીયભાઈના પિતા, શ્રુતિના સસરા તા.૧૪/૧૦ના રોજ અવસાન પામેલ છે. તેમનું બેસણું તા.૧૬/૧૦ ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૫ રાખેલ છે. શ્રી કષ્ટભંજન હનુમાન મંદિર રેલ્વે ફાટક પાસે, કોઠારીયા સોલવન્ટ ગોંડલ રોડ, રાજકોટ રાખેલ છે.

**રાજુલા**

રાજુલા (વાળંદ સમાજ)... મૂળ અમરેલી હાલ રાજુલા પ્રવીણભાઈ લલ્લુભાઈ જોટંગીયા ઉંમર વર્ષ ૭૨નું તારીખ ૧૩/૧૦/૨૫ ના રોજ અવસાન થયેલ છે. તે દિલીપભાઈ લલુભાઈ જોટંગીયાના મોટાભાઈ તેમજ મહેશભાઈ જોટંગીયા, ગૌરવભાઈ જોટંગીયા, કલ્પેશભાઈ જોટંગીયા તથા મનીષાબેન જોટંગીયાના પિતાશ્રી થાય. તેમનું બેસણું તારીખ ૧૭/૧૦/૨૫ ને શુક્રવારના રોજ બપોરના ત્રણ થી છ આહિર સમાજ વાડી રાજુલામાં રાખેલ છે.

**સાવરકુંડલા**

હાજી યુસુફભાઈ હાજી અ. સતારભાઈ મામદાની તે જૂબેરભાઈ મામદાની, જુનેદભાઈ મામદાનીના પિતાનું તા.૧૩/૧૦/૨૫ ને સોમવારે દુઃખદ અવસાન થયેલ છે. મર્હુમની જીયારત તા.૧૫/૧૦/૨૫ ને બુધવારના રોજ સવારે ૧૦ થી ૧૧ કલાકે મદીના મસ્જિદ આઝાદ ચોકમાં તથા ઔરત માટે જીયારત મેમણ જમાતખાનામાં રાખેલ છે. તથા હિંદુ ભાઈઓ માટે બેસણું તા.૧૬/૧૦/૨૫ ને ગુરુવાના રોજ સાંજે ૪ થી ૬ કલાકે અમારા નિવાસ્થાને ગોંદરે ગોપીનાથ પાનની બાજુમાં સાવરકુંડલા ખાતે રાખેલ છે.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ, જેથી તેઓ ફરીથી સાંભળી શકે આપણી વાત
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ,અમરેલી -Ad 134
સંકુલ - મીડટર્મ અથવા છૂટક છૂટક રજા
સીટી સ્ટુડન્ટ્સ પેરેન્ટ્સ - વિકલ્પ પસંદગી વિનંતી
★ સંકુલમાં ૧૨૫ તાલુકાની ગર્લ્સ હોસ્ટેલ માં છે. તેમની અનુકુળતા માટે છૂટક છૂટક રજા ને કલબ કરી મીડટર્મ આપવામાં આવે છે.
★ સીટી સ્ટુડન્ટ્સ પેરેન્ટ્સ એ – બે માંથી કોઈ એક વિકલ્પ પસંદ કરવા વિનંતી છે. 95% થી વધુ પસંદગી પ્રમાણે નિર્ણય થશે.
★ સીટી સ્ટુડન્ટ્સ પેરેન્ટ્સ નાં અભિપ્રાય બાદ મેટર સરકારશ્રીમાં સબમીટ થશે.

દિપાવલી - નૂતન વર્ષ પર્વના સર્વોને અભિનંદન...

BLUE BUDDHA
END OF SEASON SALE
BUY 1@30% OFF
BUY 3@40% OFF
BUY 4@50% OFF
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર ■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

### //એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//

અપીલ અરજી નં.૫૮/૨૦૨૫

અરજદાર :- શ્રી પરમાર મુકેશભાઈ હેમાભાઈ
રહે.જેશીંગપરા શેરી નં.૧, ઝુપડપટ્ટી વિસ્તાર,
અમરેલી, તા.જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ.અમરેલી, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં પરમાર મુકેશભાઈ હેમાભાઈ તેમના પુત્રશ્રી બાબુ મુકેશભાઈ પરમારની જન્મ (તા.૧૪/૦૨/૨૦૦૬) તથા પુત્રશ્રી પ્રકાશ મુકેશભાઈ પરમારની જન્મ (તા.૦૧/૦૬/૨૦૦૯) તથા પુત્રીશ્રી જોયા મુકેશભાઈ પરમારની જન્મ (તા.૦૧/૦૬/૨૦૧૧) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૪/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(એચ.એમ.તલાટી)
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી શહેર

### //એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//

અપીલ અરજી નં.૫૯/૨૦૨૫

અરજદાર :- શ્રી પરમાર શિવાભાઈ જીવાભાઈ
રહે.જેશીંગપરા શેરી નં.૧, ઝુપડપટ્ટી વિસ્તાર,
અમરેલી, તા.જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ.અમરેલી, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં પરમાર શિવાભાઈ જીવાભાઈ તેમની પુત્રશ્રી મંગલ શિવમભાઈ પરમારનો જન્મ (તા.૨૬/૦૪/૨૦૨૧) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૪/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(એચ.એમ.તલાટી)
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી શહેર

### //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી નં.૧૮૨/૨૦૨૫

અરજદાર :- શ્રી ચૌહાણ ધીરૂભાઈ ઉકાભાઈ
રહે. બક્ષીપુર, તા.જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. બક્ષીપુર, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના બક્ષીપુર ગામમાં અરજદારશ્રી ચૌહાણ ધીરૂભાઈ ઉકાભાઈએ તેઓના પુત્રી ક્રિષ્નાબેન ધીરૂભાઈ ચૌહાણની જન્મ (તા.૧૯/૦૬/૨૦૦૪) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૬/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

# બાબરાના લોહીયાળ જંગ કેસમાં ચાર આરોપીઓનો નિર્દોષ છુટકારો: સિનિયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની ધારદાર દલીલો ગ્રાહ્ય

બાબરા,તા.૧૫



બાબરા પંથકના કરિયાણા ગામની બજારમાં બનેલા મારામારી અને એટ્રોસિટી એક્ટ સંબંધિત અત્યંત ચકચારજનક કેસમાં અમરેલીના એડી. સેશન્સ જજ ડી.એસ. શ્રીવાસ્તવે ચાર આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો છે. આરોપીઓ તરફે સિનિયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની ધારદાર દલીલોને અને કાયદાકીય છણાવટને કોર્ટે ધ્યાને લીધી હતી. બનાવની વિગતો મુજબ, ફરિયાદ પક્ષે હંસાબેન રસિકભાઈ રાઠોડ અને તેમના પતિ રસિકભાઈ આલાભાઈ રાઠોડે ફરિયાદ નોંધાવી હતી કે તેઓ કરિયાણા ગામની બજારમાંથી મોટરસાયકલ પર નીકળ્યા હતા ત્યારે આરોપી ઘુઘી ઉર્ફે જયંતિભાઈ નાગજીભાઈ જાપડીયાએ રસ્તો રોકીને તેમને જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી, બિભત્સ ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો. પતિને બચાવવા વચ્ચે પડતાં હંસાબેનને પણ પાટુ મારતા તેઓ નીચે પડી ગયા હતા અને તેમને છ મહિનાનો ગર્ભ પડી જવાથી લોહી નીકળવા લાગ્યું હતું. આ સમયે અન્ય આરોપીઓ ચંદુભાઈ કડવાભાઈ જાપડીયા, નરેશભાઈ દાદાભાઈ જાપડીયા તેમજ હરેશભાઈ વાલજીભાઈ જાપડીયાએ પણ ફરિયાદી અને તેમના પતિને માર માર્યો હતો. ત્યારબાદ આ મામલે એટ્રોસિટી એક્ટ સહિતની કલમો હેઠળ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

**જિલ્લામાં વધુ એક સાયબર ક્રાઈમની ઘટના**

# ધારીના મોણવેલ ગામના રત્ન કલાકારને એપીકે ફાઈલ ડાઉનલોડ કરવી ભારે પડી

**કુલ ૨.૪૩ લાખ રૂપિયા ખાતામાંથી ઉપાડી લીધા**

ધારી, તા.૧૫

ધારીના મોણવેલ ગામે રહેતા એક રત્ન કલાકારને એપીકે ફાઈલ ડાઉનલોડ કરવી ભારે પડી હતી. તેના ખાતામાંથી કુલ ૨.૪૩ લાખ રૂપિયા ઉપાડી લીધા હતા. વિપુલભાઈ બાબુભાઈ હરખાણી (ઉ.વ.૪૦) એ અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના મોબાઈલ નંબર પર એક અજાણ્યા ઈસમ દ્વારા વ્હોટ્સએપ એપ્લિકેશન મારફતે સંપર્ક કરવામાં આવ્યો હતો. આ ઠગે પોતે બેંકના કર્મચારી હોવાનો ખોટો દાવો કર્યો હતો. ઠગ દ્વારા તેમને Bank Verification-1.apk ૭.3mb નામની એક એપીકે ફાઈલ મોકલવામાં આવી હતી અને તેને ખોલવા માટે સમજાવવામાં આવ્યો હતો. ફરિયાદીએ વિશ્વાસ કરીને જેવી આ ફાઈલ ખોલી, કે તરત જ તેના બેંક એકાઉન્ટની વિગતો અને નિયંત્રણ આરોપીના હાથમાં આવી ગયું હતું. ફાઈલ ખોલ્યા પછી, આરોપીએ અલગ-અલગ સમયે ફરિયાદીના બેંક એકાઉન્ટમાંથી કુલ રૂ.૨,૪૩,૪૬૨/- (રૂપિયા બે લાખ તેતાલીસ હજાર ચારસો બાસઠ) ઉપાડી લીધા હતા. આ ઘટનાથી તેમને આર્થિક નુકસાન થવાની સાથે ઓનલાઈન વિશ્વાસઘાત અને ઠગાઈનો ભોગ બનવું પડ્યું હતું. આ ઘટના અંગે સાયબર ક્રાઈમ પોલીસે અજાણ્યા આરોપી વિરુદ્ધ ઓનલાઈન છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ધારી પોલીસ સ્ટેશનના પીઆઈ કે. બી. જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

**બાબરાના વાંડળીયા ગામનો બનાવ**

# પતિ, સાસુ-સસરાએ પિયરમાં જવાની ના પાડતાં પરિણીતાએ એસિડ પીધું

**સાસુએ ગાળો પણ આપી હતી**

બાબરા, તા. ૧૫

બાબરાના વાંડળીયા ગામે પતિ અને સાસુ-સસરાએ પરિણીતાને પિયરમાં જવાની ના પાડતા લાગી આવ્યું હતું. તેણીએ એસિડ ગટગટાવ્યું હતું. બનાવ અંગે પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ભોગ બનનારને તેના પિતાજીના ઘરે જવું હતું. જે બાબતે તેમણે તેના પતિ અને તેના સાસુ-સસરાને વાત કરતા પતિ અને તેના સાસુ સસરાએ તેના પિતાજીના ઘરે જવાની ના પાડી હતી. સાસુએ તેમને ગાળો આપી હતી. જે બાબતનું મનમાં લાગી આવતા એસિડ પી લીધું હતું. અમરેલી વિભાગના ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક પી.આર. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયા માર્કેટિંગ યાર્ડમાં કૃષિ મહોત્સવ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા

લીલીયા,તા.૧૫

લીલીયા મોટા સનાળીયા રોડ પર આવેલ ભાભા માર્કેટિંગ યાર્ડમાં તાલુકા પંચાયત પ્રમુખ ગીતાબેન કાનજીભાઈ નાકરાણીના અધ્યક્ષ સ્થાને કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ જેમાં આવેલ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કૃષિ મહોત્સવનો પ્રારંભ કરવામાં આવેલ. કૃષિ મહોત્સવ અંતર્ગત જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ જેમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ LCD સ્કીનના માધ્યમથી ખેડૂતો સાથે જોડાયેલ અને માર્ગદર્શન આપેલ. આ તકે લીલીયા મામલતદાર, ટીડીઓ તેમજ જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા, જીગ્નેશ સાવજ, કેતન ઢાંકેચા સહિત તાલુકા પંચાયત સદસ્યો, તાલુકામાંથી પધારેલ સરપંચો ઉપસ્થિત રહ્યાં હતા.



# બાબરા તાલુકાના વાંડળીયા ગામેથી પરપ્રાંતીય ઈસમ યુવતીને ભગાડી ગયો

બાબરા, તા.૧૫

બાબરાના વાંડળીયા ગામેથી એક પરપ્રાંતીય ઈસમ યુવતીને ભગાડીને લઈ ગયો હતો. સગીરાના પિતાએ ઝારખંડના દેવધરના યુસુફ જમરૂદીન અંસારી સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની દીકરી તથા આરોપી એક વર્ષથી લાઠી તાલુકાના અડતાળા વરસડા રોડે આવેલા રામકૃષ્ણ દોરાની મીલમાં મજૂરીકામ કરતા હતા. એક મહિના પહેલા બાબરા, ચમારડી રોડે આવેલી રાધાકૃષ્ણ મીલમાં મજૂરીકામ કરતો આરોપી તેમની પુત્રીને લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી, બદકામના ઈરાદે વાંડળીયા ગામે આવી અપહરણ કરીને લઈ ગયો હતો.

બાબરા પોલીસ સ્ટેશનના પીઆઈ એ.એમ. દેસાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરા તાલુકાના લુંઘીયા અને માણેકવાડા ગામેથી બાઈકની ચોરી

બગસરા, તા.૧૫

બગસરા પંથકમાંથી બે બાઈકની ઉઠાંતરી થઈ હતી. લુંઘીયા ગામે રહેતા અને ખેતીકામ કરતા હરેશભાઈ ડાયાભાઈ ઘાડીયા (ઉ.વ.૪૫) એ જાહેર કર્યા મુજબ, કાગદડી ગામ જવાના રસ્તાથી આશરે એકાદ કિ.મી. દૂર તેની ૨૦ હજારની બાઈકની અજાણ્યો ઈસમ ચોરી કરીને ફરાર થઈ ગયો હતો.

માણેકવાડા ગામે રહેતા રાકેશભાઈ જસાભાઈ વાળા (ઉ.વ.૩૫)એ જાહેર કર્યા મુજબ, અજાણ્યો ઈસમ તેમના ૧૦ હજારની કિંમતના બાઈકની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી. ડી. વાળા વધુ તપાસ કરી રહ્યા છે. ધારીના છતડીયા ગામે રહેતા મુકેશભાઈ કાળુભાઈ માંડવીયા (ઉ.વ.૪૦)એ જાહેર કર્યા મુજબ, તેમની દુકાન પાસેથી અજાણ્યો ઈસમ બાઈકની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. જેની કિંમત રૂ. ૧૨ હજાર જાહેર થઈ હતી.

**જિલ્લામાંથી કુલ ત્રણ બાઇકની ઉઠાંતરી**

# અમરેલી શહેરના યુવકે વેચેલા ટ્રકના હપ્તા ખરીદનારે ન ભર્યા

અમરેલી, તા.૧૫

**જામનગરના ઈસમ સામે ફરિયાદ નોંધાવી**

અમરેલીના એક યુવકે જામનગરના યુવકને ટ્રક વેચ્યો હતો. જોકે ટ્રકના હપ્તા આરોપી ભરતો નહોતો અને પરત પણ આપતો નહોતો. જેથી તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જયકુમાર ચંદ્રકિશોરભાઈ વાળા (ઉ.વ.૩૬)એ જામનગરના રવિરાજસિંહ ખાનુભા પરમાર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની માલિકીનો ટ્રક તેણે આરોપીને વેચાણથી આપ્યો હતો. જે ટ્રકના હપ્તા આરોપી ભરતો નહોતો કે ટ્રક પણ પરત આપતો નહોતો. તેણે ૧૨,૦૦,૦૦૦ની છેતરપિંડી આચરી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.વી. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# દિવાળી પર્વ શાંતિપૂર્ણ રીતે ઉજવાય તે માટે લીલીયા પોલીસનું ફૂટ પેટ્રોલિંગ

લીલીયા, તા. ૧૫



દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને લીલીયા પોલીસ સ્ટેશન દ્વારા શહેરના મુખ્ય વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. લોકો શાંતિ અને સલામતીપૂર્ણ વાતાવરણમાં તહેવારની ઉજવણી કરી શકે તેવા શુભ આશયથી આ પગલું ભરવામાં આવ્યું હતું. પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.ડી. સાળુંકેની સૂચના અને માર્ગદર્શન હેઠળ પોલીસે શહેરની મેઈન બજાર, નાવલી બજાર તેમજ અન્ય વિવિધ વિસ્તારોમાં ચાલીને પેટ્રોલિંગ કર્યું હતું. ફૂટ પેટ્રોલિંગ દરમિયાન, લીલીયા પોલીસે નાવલી બજારમાં ટ્રાફિકને અડચણરૂપ થતા બિનઅધિકૃત રીતે પાર્ક કરેલા વાહનોના ચાલકોને દંડ પણ ફટકાર્યો હતો. દિવાળીના તહેવાર નિમિત્તે બજારમાં ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે લીલીયા પોલીસે ખાસ કાળજી લીધી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: દશમ
તા.૧૬-૧૦-૨૦૨૫, ગુરૂવાર, સૂર્યોદય-૦૬:૨૨,
સૂર્યાસ્ત-૦૫:૫૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: આશ્લેષા

## દૈનિક રાશિફળ

તા.૧૬-૧૦-૨૦૨૫ ગુરૂવાર

મેષ: આજે મજબૂત આર્થિક બાજુના કારણે માન, કીર્તિ અને પ્રસિદ્ધિમાં વધારો થશે. વાણી પર નિયંત્રણ રાખવામાં નિષ્ફળતા પ્રતિકૂળ પરિસ્થિતિઓ તરફ દોરી શકે છે.

વૃષભ: તમને અન્યની મદદ કરવાથી રાહત મળશે, આજનો દિવસ દાનમાં વિતાવશો. વિદ્યાર્થીઓને તેમની તૈયારીઓ સુધારવાની તક મળશે.

મિથુન: આજે ઘરની વસ્તુઓ પર પૈસા ખર્ચ થશે. સાંસારિક આનંદ માણવાના સાધનોમાં વધારો થશે. આજે કોઈ સંબંધીને કારણે ટેન્શન વધી શકે છે.

કર્ક: આજનો દિવસ પરિવારના સભ્યો સાથે આનંદદાયક રહેશે અને કેટલાક શુભ કાર્યનું આયોજન થઈ શકે છે. ભાગ્ય તમારો સાથ આપશે.

સિંહ: પિતાના આશીર્વાદ અને ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી વસ્તુ કે મિલકત મેળવવાની ઈચ્છા આજે પૂરી થશે.

કન્યા: આજે વિદ્યાર્થીઓ માટે શિક્ષણ અને સ્પર્ધાના ક્ષેત્રમાં વિશેષ સિદ્ધિઓ પ્રાપ્ત થઈ રહી છે. કૌટુંબિક સંપર્કો લાભદાયી રહેશે.

તુલા: વ્યાવસાયિક વ્યસ્તતા વધારે રહેશે અને વિવાદો પણ ઉકેલાશે. વિદ્યાર્થીઓને તેમની એકાગ્રતા જાળવવા માટે વધુ પ્રયત્નોની જરૂર પડશે.

વૃશ્ચિક: વેપારના ક્ષેત્રમાં રોકાણ તમારા માટે ફાયદાકારક સાબિત થશે અને તમે તમારા હરીફો માટે માથાનો દુ:ખાવો બની રહેશો.

ધન: રાજકીય ક્ષેત્રે સફળતા મળશે. બાળકો પ્રત્યેની જવાબદારી પણ પૂરી થશે. વેપાર યોજનાઓ વેગ પકડશે અને સ્પર્ધાના ક્ષેત્રમાં આગળ વધશો.

મકર: માતાની તબિયત અચાનક બગડતા ભાગવાની સ્થિતિ અને વધુ ખર્ચ થઈ શકે છે. વિદ્યાર્થીઓએ સફળતા મેળવવા માટે વધુ મહેનત કરવી પડશે.

કુંભ: વિવાહિત જીવન આનંદમય રહેશે. આજે નજીક અને દૂર પણ સકારાત્મક યાત્રા થઈ શકે છે. માતા-પિતાની સલાહ અને આશીર્વાદ ઉપયોગી સાબિત થશે.

મીન: વ્યાપાર ક્ષેત્રે મનનો સાનુકૂળ લાભ મળવાથી સુખી રહેશો. આર્થિક સ્થિતિ અપેક્ષા કરતા વધુ મજબૂત બનશે.

# અમરેલીમાં અલ સહારા ટ્રસ્ટ દ્વારા પ્રથમ સમસ્ત મુસ્લિમ સમાજનો વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો

અમરેલી, તા.૧૫



અમરેલીમાં સમાજસેવાના વિવિધ કાર્યો કરતી સંસ્થા અલ સહારા ટ્રસ્ટ દ્વારા પ્રથમ વખત સમસ્ત મુસ્લિમ સમાજના વિદ્યાર્થીઓ માટે એક ભવ્ય સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટે શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે આ પહેલ કરી હતી. અમરેલીમાં જન સુવિધા કેન્દ્ર, બુરહાની સ્ટીલ સામે આવેલું અલ સહારા ટ્રસ્ટ વર્ષોથી મેડિકલ કેમ્પ, સિલાઈ ક્લાસ, બ્યુટીપાર્લર ક્લાસ, સમૂહલગ્ન અને સરકારી યોજનાઓના ફોર્મ ભરવા જેવા અનેક સેવાકીય કાર્યો કરતું આવ્યું છે. આ સન્માન સમારોહમાં ધોરણ ૮ થી કોલેજ સુધીના અભ્યાસમાં ૭૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવનાર કુલ ૧૨૪ વિદ્યાર્થીઓને મોમેન્ટો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં પહેલીવાર સમસ્ત મુસ્લિમ સમાજની સાથે વોહરા અને ખોજા સમાજના બાળકોને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

# જાફરાબાદમાં આધેડે ગળાફાંસો ખાધો

જાફરાબાદ, તા.૧૫

જાફરાબાદમાં રહેતા એક આધેડે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. હિંમતભાઈ મોહનભાઈ વાળા (ઉ.વ.૪૯)એ જાહેર કર્યા મુજબ, લક્ષ્મણભાઈ મોહનભાઈ વાળા (ઉ.વ.૫૫)એ સતત માથાના દુ:ખાવાથી કંટાળી જાતે ગળાફાંસો ખાઈ લેતા મરણ પામ્યા હતા. નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી.એન. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# જિલ્લામાંથી ૧૫ પ્યાસી પકડાયા

અમરેલી, તા.૧૫

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી ૧૫ પ્યાસીને નશામાં ચૂર થઈને ફરતા ઝડપી પાડ્યા હતા.

જેલની હવા ખાતા જ તમામનો નશો ગાયબ થઈ ગયો હતો. જિલ્લામાં એક મહિલા સહિત પાંચ લોકો પાસેથી ૧૨ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

# વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજમાં વિકાસ સપ્તાહ અંતર્ગત નિબંધ સ્પર્ધા યોજાઈ

સાવરકુંડલા,તા.૧૫



સાવરકુંડલા સ્થિત નૂતન કેળવણી મંડળ સંચાલિત વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજમાં ગુજરાત સરકાર દ્વારા આયોજિત વિકાસ સપ્તાહ અંતર્ગત નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કોલેજની કુલ ૨૪ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધાના પરિણામોમાં બારૈયા કલા આર. પ્રથમ ક્રમે વિજેતા જાહેર થયા હતા, જ્યારે ચુડાસમા આરતી પી. અને જાદવ ફિઝુ એ. સંયુક્ત રીતે બીજા ક્રમે તથા ચૌહાણ જીગના એ. ત્રીજા ક્રમે વિજેતા થયા હતા. નંબર પ્રાપ્ત કરનાર તમામ બહેનોને કોલેજ તરફથી પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવશે. કોલેજના પ્રિન્સિપાલે વિજેતા બહેનોને અભિનંદન પાઠવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. રુકસાના કુરેશી દ્વારા કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમને સફળ બનાવવા માટે સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# રાજુલામાં સિ. સ. ઔ. જ્ઞાતિ મહિલા મંડળ દ્વારા નવરાત્રિ મહોત્સવની ભવ્ય ઉજવણી

રાજુલા, તા.૧૫



તસવીર : ગોપાલ રાઠોડ

નવરાત્રિના પવિત્ર પર્વ નિમિત્તે રાજુલામાં સિ. સ. ઔ. જ્ઞાતિની વાડી ખાતે મહિલા મંડળ દ્વારા ભવ્ય રાસ-ગરબા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલા મંડળની બહેનોએ આયોજિત કરેલા આ મહોત્સવમાં વિશાળ સંખ્યામાં બહેનો, વડીલો અને બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈને ગરબાની રમઝટ માણી હતી અને માતાજીની આરાધના કરી હતી. આ કાર્યક્રમની ખાસિયત એ રહી હતી કે મહિલા મંડળે ગત વર્ષની રૂ.૨૦૦ની ફીનું ભેટ વિતરણ પણ કર્યું હતું, જે સભ્ય બહેનો માટે એક વિશેષ ભેટ બની રહી હતી. આ સફળ આયોજન માટે પ્રમુખ નલિનીબેન જોશી તથા કારોબારીની તમામ બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી. મહિલા મંડળના પ્રમુખ નલિનીબેન જોશી અને કારોબારી સભ્યોની મહેનતથી નવરાત્રિ મહોત્સવ ખૂબ જ સફળ અને યાદગાર બન્યો હતો.

તંત્રી લેખ

# ગાઝામાં યુદ્ધવિરામની આશા નહિવત

મધ્ય પૂર્વમાં દિવાળી પહેલા યુદ્ધવિરામ થઈ જાય તેવી આશા હતી પરંતુ અમેરિકાના પ્રમુખે બળતણમાં ઘી હોમીને શાંતિની પ્રક્રિયામાં મોટુ વિઘ્ન ઉભુ કર્યું છે. યુએસના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હમાસને 'સ્વેચ્છાએ નિઃશસ્ત્રીકરણ' અથવા 'હિંસક નિઃશસ્ત્રીકરણ'ની જે ચેતવણી આપી છે, તેમણે ગાઝાના ભવિષ્ય અને સમગ્ર પેલેસ્ટિન-ઈઝરાયલ સંઘર્ષને લગતી ચિંતાઓમાં નવો ઉમેરો કર્યો છે. શુક્રવારે અમલમાં આવેલા યુદ્ધવિરામની શાંતિ હજી પૂરેપૂરી સ્થાપિત પણ થઈ નહોતી અને હમાસે ફક્ત ચાર મૃત બંધકોના અવશેષો જ સોંપ્યા હતા, એવા સંવેદનશીલ સમયે આવી ભાષા વાપરવી એ શાંતિ પ્રક્રિયા માટે ગંભીર જોખમ ઊભું કરે છે. ટ્રમ્પનું આ વિધાન એક ધમકી તરીકે છે, જે માત્ર એક આતંકવાદી જૂથ સુધી મર્યાદિત નથી, પરંતુ તે સમગ્ર પેલેસ્ટિનિયન લોકો માટે અપમાનજનક સંદેશ ધરાવે છે. 'તેઓ જાણે છે કે હું રમત રમી રહ્યો નથી' જેવા ટ્રમ્પના વિધાનોથી સ્પષ્ટ થાય છે કે તેમનો ઉદ્દેશ્ય શાંતિપૂર્ણ વાટાઘાટો કરતાં શક્તિનું પ્રદર્શન વધુ છે. ગાઝામાં ફરીથી યુદ્ધ ફાટી નીકળવાની શક્યતા નકારી શકાય નહીં, કારણ કે કોઈપણ સંસ્કૃતિ અને સંગઠન પોતાના નિઃશસ્ત્રીકરણ માટે આતુર નથી હોતું, ભલે તેને આતંકવાદી જૂથ તરીકે ઓળખવામાં આવતું હોય. નિઃશસ્ત્રીકરણ એ શાંતિની પૂર્વશરત ન હોવી જોઈએ. શાંતિ સ્થાપવાને બદલે આ વિધાન યુદ્ધનું બહાનું બની જાય તેવું લાગે છે. ટ્રમ્પે તેમના નિવેદનમાં જે મુખ્ય મુદ્દો ઉઠાવ્યો છે, તે છે હમાસનું નિઃશસ્ત્રીકરણ. પરંતુ પ્રશ્ન એ ઊભો થાય છે કે શું નિઃશસ્ત્રીકરણ શાંતિની પૂર્વશરત છે કે ફરીથી યુદ્ધ શરૂ કરવાનું સાધન? હકીકતમાં, હમાસની ૨૦-મુદ્દાની યોજનામાં પણ નિઃશસ્ત્રીકરણનો સમાવેશ થાય છે, પરંતુ તે લાંબા ગાળાના શાંતિ કરાર અને પેલેસ્ટાઈનની સ્થાપનાની શરતો સાથે જોડાયેલો છે. ટ્રમ્પનો અભિગમ એકપક્ષીય અને આદેશાત્મક છે, જે વાટાઘાટોની બારીકીઓને અવગણે છે. ઈઝરાયલની સુરક્ષા અને હમાસના હિંસક કાર્યો પ્રત્યેની ચિંતા વાજબી છે, પરંતુ ગાઝાના સામાન્ય નાગરિકો પર થતા અત્યાચારો અને દમનને અવગણવું એ શાંતિનો માર્ગ નથી. ટ્રમ્પની ચેતવણી એવી ધારણા પર આધારિત છે કે હમાસ એકમાત્ર સમસ્યા છે, જ્યારે વાસ્તવિકતા એ છે કે હમાસનો ઉદય ત્યારથી થયો, જ્યારથી પેલેસ્ટાઈનની ભૂમિ પર કબ્જો થયો અને ત્યાંના લોકોને દેશવિહીન બનાવવામાં આવ્યા. નિઃશસ્ત્રીકરણની માંગ ત્યારે જ ન્યાયસંગત અને પ્રભાવી ઠરશે જ્યારે તે સમગ્ર પ્રદેશમાં સમાન રીતે લાગુ પાડવામાં આવશે અને પેલેસ્ટિનિયન લોકોને તેમનો ન્યાયી હક્ક અને સ્વમાન પાછું મળશે. શાંતિનો માર્ગ વાટાઘાટો છે ધમકીઓ નહીં. ગાઝામાં શાંતિ અને સ્થિરતા લાવવાનો એકમાત્ર ટકાઉ માર્ગ વાટાઘાટો, સંવાદ અને આંતરરાષ્ટ્રીય કાયદાનો આદર કરવાનો છે. ટ્રમ્પ જેવી ધમકીઓ અને એકપક્ષીય જિદ્દી માગણીઓ ફક્ત હિંસા અને અવિશ્વાસને જ વધુ ઉશ્કેરે છે. ઈઝરાયલ અને પેલેસ્ટાઈન વચ્ચેના લાંબા સમયથી ચાલતા સંઘર્ષનો ઉકેલ શસ્ત્રોના જોર પર નહીં, પરંતુ પરસ્પર સન્માન અને ન્યાયપૂર્ણ સોદા પર આધારિત હોવો જોઈએ. ગાઝાની જનતા દાયકાઓથી યુદ્ધ, નાદારી અને દમન સહન કરી રહી છે. તેમની ભૂખ શાંતિ, સુરક્ષા અને સમૃદ્ધ ભવિષ્યની છે. ટ્રમ્પની 'હિંસક નિઃશસ્ત્રીકરણ'ની ચેતવણી આ ઈચ્છાઓ પર પાણી ફેરવે છે. આંતરરાષ્ટ્રીય સમુદાયે આ સમયે વધુ જવાબદારીથી કામ લેવાની અને બંને પક્ષો પર દબાણ બનાવવાની જરૂર છે કે તેઓ યુદ્ધવિરામને ટકાવી રાખે અને લાંબા ગાળાના શાંતિ કરાર માટે ગંભીરતાપૂર્વક વાટાઘાટો શરૂ કરે. શાંતિની પ્રક્રિયામાં પેલેસ્ટાઈન પ્રશ્નના મૂળ કારણોના નિવારણમાં જ છે. ઈઝરાયલી બંધકોની મુક્તિ અને પેલેસ્ટિનિયન કેદીઓની રિહાઈ જેવા મુદ્દાઓ પર પ્રગતિ, અને ગાઝાના પુનર્નિર્માણ માટેની યોજનાઓનો સમાવેશ થાય છે. ટ્રમ્પની ધમકીઓ આ સમયે વ્યાજબી નથી.

# કચ્છના રણને સરોવરમાં ફેરવવાથી રણોત્સવ સાર્થક થઈ શકે



પ્રાસંગિક

સુરેશ દેસાઈ

ગુજરાતના પશ્ચિમ મધ્યભાગે કચ્છનું નાનું રણ ૧૨ લાખ એકરમાં ફેલાયેલ છે. રાજકોટ, મોરબી, બનાસકાંઠા, મહેસાણા, પાટણ અને સુરેન્દ્રનગર જિલ્લાની સરહદો વચ્ચે પથરાયેલ ખારી જમીનમાં સરસ્વતી, બનાસ, કંકાવટી, મચ્છુ, બ્રહ્માણી અને રૂપેણ નદી ઉપરાંત ૧૧૦ વોંકળાઓનું દરિયામાં વહી જનાર પાણી છેલ્લો મુકામ કરે છે. ૨૦૦ કિલોમીટરની ઝડપે વાહન ચાલી શકે તેવાં સપાટ મેદાનમાં ૭૫થી વધુ નાના—મોટા દ્વીપ રહેલા છે. બાકી ખારી—મીઠી સખત માટીમાં ગાંડા બાવળનું સામ્રાજ્ય વ્યાપેલ છે.

લાખો વર્ષ પહેલાં આપણે જેને સૌરાષ્ટ્ર તરીકે જાણીએ છીએ તે ટાપુ વેસ્ટન સ્લાઈડિંગના લીધે દક્ષિણ આફ્રિકાથી છૂટો પડ્યો અને ગુજરાતની સાથે જોડાતા દરિયાની સાંકડી પટ્ટી તૈયાર થઈ. અને કાળક્રમે તેમાં દરિયાનો કાંપ ફસતા આજે કચ્છનું નાનું રણ જોવા મળે છે. ચત્તી રકાબી જેવા પ્રદેશમાં મે—જૂનથી ઓક્ટોબર-નવેમ્બર સુધી વરસાદી પાણી રહે છે, આથી ઘાસ અને પાણીના ક્ષાર આધારિત જીવન વિકસે છે અને બાકીના ૫—૭ માસ સૂકી જમીન જોવા મળે છે.

ગુજરાતનાં પૂર્વ મુખ્યમંત્રી અને ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈની સમજ અને રાજકીય ઈચ્છાશક્તિવશાત્ કચ્છનાં મોટાં રણમાં 'રણોત્સવ'' નામે પ્રવાસન ઉદ્યોગ સફળ રીતે વિકસ્યો છે. ત્યારે હવે કચ્છનાં નાનાં રણની ભૌગોલિકતાને સમજી પ્રવાસન તરીકે વિકાસ કર્યો. આજે હવે રણ સરોવર વિકસાવવાની સંભાવના સ્પષ્ટ થાય છે.

અમદાવાદથી ૧૩૦ કિલોમીટર અને ભુજથી ૧૫૬ કિલોમીટરનાં અંતરે રહેલા નાના રણનો વિસ્તાર સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત માટે આકર્ષક પ્રવાસન ક્ષેત્ર છે. અગરીયા, પઠારો, માછીમારો, જત અને રબારી સંસ્કૃતિની પરંપરા આકર્ષણનું કેન્દ્ર બની શકે તેમ છે.

મધ્ય અને ઉત્તર ગુજરાત તથા દક્ષિણ રાજસ્થાનમાં ૮-૧૦ ઈંચ વરસાદ પડતાં જ કચ્છનાં નાનાં રણમાં મીઠા પાણીની આવક થવા લાગે છે. રણની કાંપવાળી ચીકણી માટી એકત્ર પાણીને જમીનમાં શોષાવા દેતું નથી, પરિણામે વરસાદી સિઝનમાં ૨૫૦૦થી ૩૦૦૦ કરોડ લિટર પાણી પ્રાકૃતિક રીતે જમા થઈ જાય છે. ખારાં-મીઠાં પાણીનાં કુદરતી તળાવના સર્જન સાથે લાખોની સંખ્યામાં ફ્લેમિંગો અને બીજાં માઈગ્રન્ટ્સ પક્ષીઓ પોતાની બ્રિડીંગ કૉલોની વિકસાવવા પણ આવી જાય છે, જે દર્શનીય બને છે. સાથોસાથ ૮૦૦૦થી વધુ અગરિયા પરિવાર પારંપરિક ઢબે મીઠું પકવવા ડેરા નાખે છે. દેશની કુલ જરૂરિયાતના ૨૧% એટલે કે લગભગ ૨૮ લાખ ટન મીઠાનું ઉત્પાદન કરી રોજીરોટી મેળવે છે. ત્રણેક પ્રજાતિમાં ધુડખર (ગધેડા—ઝિબ્રા પ્રકારનું પ્રાણી) સરોવરના ભેજથી વિકસતા ઘાસનાં મેદાનોમાં વર્ષોથી રહે છે. ૫૦૦૦થી વધુ સંખ્યામાં ધુડખર એશિયાની વાઈલ્ડ સેન્ચ્યુરીમાંનું એક પસંદીદા ક્ષેત્ર બન્યું છે. ચોમાસામાં ધુડખર આસપાસના ટાપુઓ ઉપર પ્રજનન માટે પહોંચી વન્ય વિસ્તરણ કરતા રહે છે, જે પ્રવાસન માટે વધુ એક આકર્ષણ બને છે.

જોકે કચ્છ અને ગુજરાતને જોડતા સૂરજબારીના પુલ નીચેથી પસાર થતી હડકિયા ખાડીમાંથી આવતું અરબી સમુદ્રનું ખારું પાણી મીઠાં પાણીનાં સરોવરનું આયુષ્ય ઘટાડે છે, પરંતુ સૂરજબારી પુલને બંધારામાં ફેરવી શકાય તો નાનાં રણનાં મધ્યભાગ સુધી પહોંચતી રૂપેણ, પુષ્પાવતી અને બનાસ નદીના છેવાડે નળ સરોવર પ્રકારે ત્રણ વિશાળ તળાવોનું સર્જન થઈ શકે. આથી કચ્છનાં નાનાં રણની પ્રાકૃતિક સ્થિતિ જાળવી રાખી ઉત્તર અને મધ્ય ગુજરાતમાં આગળ વધતી ખારાશ રોકી શકાય. સવિશેષ ટીકર, નવા ઘાટીલા, જોગડ વિસ્તારમાં જમા થતું વરસાદી પાણી તળાવો તરફ ઢળી જતાં મીઠા અને મત્સ્ય ઉદ્યોગ સપ્ટેમ્બર-ઑક્ટોબરથી પુનઃકાર્યાન્વિત થશે. ૫૦,૦૦૦થી વધુ અગરિયાઓની રોજીરોટી જળવાઈ રહેશે. સ્થાનિક લોકોની વધતી આવક પ્રવાસનના માળખાગત વિકાસને ગતિ આપનાર બનશે.

ગુજરાતનો એક કડવો ઈતિહાસ રહ્યો છે, જ્યાં આઝાદીના પાંચ દાયકાઓ સુધી સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતની જનતાએ દુષ્કાળનો અવિરત માર સહન કર્યો છે. પાણી માટેનો આ સંઘર્ષ એટલો તીવ્ર હતો કે ૧૯૮૬ના ભયંકર અકાળ દરમિયાન કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત જેવા સૂકા પ્રદેશોને જીવન બચાવવા માટે ખાસ ટેન્કર ટ્રેઈન દ્વારા પાણી પૂરું પાડવાની કરુણ પરિસ્થિતિ સર્જાઈ હતી. આ ઘટના એ વાતની સાબિતી છે કે પાણીનું વ્યવસ્થાપન ગુજરાતની વિકાસ યાત્રાનો પાયાનો પથ્થર છે.


આવી ગંભીર પૃષ્ઠભૂમિમાં, કચ્છના નાનાં રણમાં ચોમાસા દરમિયાન કુદરતી રીતે એકઠું થતું ૯ લાખ કરોડ લિટર વરસાદી પાણી એક અદ્ભુત તક લઈને આવે છે. મનુષ્ય અને વન્યજીવન માટે અમૃત સમાન આટલો વિશાળ જથ્થો વ્યર્થ વહી જાય એ પરવડે તેમ નથી. આ પાણીનો રચનાત્મક અને સમજદારીપૂર્વક ઉપયોગ કરવો એ સમયની માંગ છે. જો આ પાણીને યોગ્ય રીતે સંગ્રહિત કરવામાં આવે અને પ્રવાસન સાથે જોડવામાં આવે, તો તે ઓછા ખર્ચે (પાઈના ખર્ચમાં પર્વતનો લાભ) અનેકગણો મોટો લાભ આપી શકે છે.

ગુજરાતની રાજકીય ઈચ્છાશક્તિનું પ્રતીક સરદાર સરોવર યોજનાએ રાજ્યના પાણીના પ્રશ્નોને હળવા કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. હવે સમય આવી ગયો છે કે ગુજરાતનું નેતૃત્વ એક નવા વિઝન સાથે આગળ વધે અને 'રણ સરોવર'ની સંભાવનાઓ તપાસે. રણના આ પાણીને સરોવરમાં પરિવર્તિત કરવાની યોજના દુષ્કાળગ્રસ્ત વિસ્તારો માટે કાયમી ઉકેલ પૂરો પાડી શકે છે, સાથે જ તે આ વિસ્તારને એક નવું પર્યાવરણીય, જળસંગ્રહનું અને પ્રવાસનનું કેન્દ્ર બનાવી શકે છે. આ નવતર વિકાસ આયામ ગુજરાતના ઉજ્જવળ ભવિષ્ય માટે પાયાનો પથ્થર સાબિત થશે.

આમ કચ્છના સેમી ડેઝર્ટ એટલે કે અર્ધ રણ વિસ્તારમાં સરોવરનું નિર્માણ થઈ શકે અને કચ્છનો વિસ્તાર ફરી એકવાર લીલોછમ થઈ શકે.

**એક સમયે પાકિસ્તાનમાં વહેતી સિંધુ નદીનું વહેણ કચ્છમાં હતું. તે સમયે કચ્છ જિલ્લો લીલોછમ એરીયા હતો પરંતુ એક ભયંક ધરતીકંપને કારણે સિંધુ નદીનું વહેણ ફેરવાઇ ગયું અને કચ્છ સેમી ડેઝર્ટ એરિયા બની ગયો. કચ્છમાં નાનું રણ અને મોટું રણ એમ બે રેતીના રણ છે. આ રણમાં સરસ્વતી સહિતની અડધો ડઝન જેટલી નદીઓ સમાઇ જાય છે. આ પાણીને જો કચ્છના નાના નાના સરોવરમાં સંગ્રહિત કરવામાં આવે તો કચ્છમાં પાણીની રેલમછેલ થઇ શકે અને સાચા અર્થમાં રણ ઉત્સવ મનાવી શકાય.**

## શબ્દ સંજોગ-૨૦૮૬



**આડી ચાવી :**
(૧) ત્રણ ગામના સીમડા ભેગા થતા હોય તે (૪)
(૪) શિક્ષણ, કેળવણી (૩)
(૬) એક ધાન્યના દાણા (૩)
(૭) જાળ, જાળુ (૨)
(૮) ભળી ન જાય એવુ (૩)
(૧૦) છોકરીઓનું એક વસ્ત્ર (૩)
(૧૨) ગુજરાન માટે આપેલી જમીન (૩)
(૧૫) પાણીનું મોજુ, તરંગ (૩)
(૧૭) લોહિ, રુધિર (૨)
(૧૮) રસ્તો, વાટ (૨)
(૧૯) અંગત, પોતીકું (૨)
(૨૦) વારાણસી, બનારસ (૨)
(૨૧) ભક્તિ, ઉપાસના (૪)
(૨૩) ઠગ, લબાડ આદમી (૨)
(૨૫) આ.....પકડ ગલા (૨)
(૨૬) પરાજય (૨)
(૨૭) આબુ પર્વત પર આવેલુ એક તળાવ (૨)
(૨૮) પરસ્પર (૬)

**ઉભી ચાવી :**
(૨) રક્ષાયેલુ (૩)
(૩) સાવ બોડું માથુ (૨)
(૪) વખાણ, પ્રશંસા (૩)
(૫) ગમ્મત ખાતર કરેલી મશ્કરી (૩)
(૮) સત્તા, અધિકાર (૩)
(૯) પર્વત, પહાડ (૩)
(૧૧) મોહ, મમતા (૨)
(૧૩) સુંદર (૩)
(૧૪) ઘર, નિવાસ (૨)
(૧૬) ભીમની રાક્ષસ પત્ની (૩)
(૧૮) ખરાબ (૨)
(૧૯) ખોદેલુ (૨)
(૨૦) ઈમારતી લાકડું (૨)
(૨૧) આસ્થા, શ્રધ્ધા (૩)
(૨૨) એક વનસ્પતી, દરભ (૨)
(૨૪) પાણી પીવાની ઈચ્છા (૩)
(૨૫) પનો, જાત (૨)
(૨૬) પરાજય (૨)

## શબ્દ સંજોગ-૨૦૮૫ જવાબ

**આડી ચાવી:** (૧) સાગર (૩) સૂડી (૪) સૂંઠ (૫) સારંગ (૬) ટાઢ (૭) સરળ (૯) બાપુ (૧૧) હરફ (૧૩) પીર (૧૪) ઉલ્લાસ (૧૫) કાલોલ (૧૭) દસ (૧૮) રાસ (૧૯) વલિત (૨૧) સોમ (૨૩) દાટી (૨૪) અરસતમૃ(અમૃતસર) (૨૭) ઉંટ (૨૮) વ્યર્થ.
**ઉભી ચાવી:** (૧) સાહસ (૨) રસાળ (૩) સૂગ (૪) સૂંઢ (૬) ટાપુ (૮) રસોલ્લાસ (૯) બાફલો (૧૦) કરવત (૧૨) રકાસ (૧૪) ઉદય (૧૬) લવ(વલ) (૧૮) રામ (૨૦) લિજ્જત (૨૧) સોટી (૨૨) દૂર (૨૩) દાટ (૨૪) અર્થ (૨૫) સડો (૨૬) મૃગ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૧૫ | ૧૫૨૦ |
| જુવાર સફેદ | ૫૦૦ | ૭૬૪ |
| બાજરી | ૩૫૦ | ૩૯૪ |
| તુવેર | ૯૩૧ | ૧૩૧૧ |
| મગ | ૯૭૦ | ૧૭૧૦ |
| વાલ દેશી | ૫૫૦ | ૮૭૮ |
| વટાણા | ૯૭૧ | ૧૭૦૦ |
| રાજમા | ૧૦૧૦ | ૧૪૭૫ |
| મગફળી જાડી | ૭૦૦ | ૧૧૨૧ |
| મગફળી જીણી | ૭૨૫ | ૧૨૨૫ |
| તલી | ૧૪૫૦ | ૧૯૮૬ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૭૬ |
| લસણ | ૪૦૦ | ૧૧૫૦ |
| રાય | ૧૩૦૦ | ૧૬૦૦ |
| મેથી | ૮૫૦ | ૧૨૫૦ |
| રાયડો | ૧૦૨૦ | ૧૨૩૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૫૨૬ | ૧૧૪૨ |
| પપૈયા | ૮૨ | ૧૨૭ |
| બટેટા | ૧૮૯ | ૪૬૩ |
| ડુંગળી સુકી | ૪૫ | ૨૫૦ |
| ટમેટા | ૩૨૭ | ૬૦૮ |
| સુરણ | ૭૬૩ | ૯૧૭ |
| કોથમરી | ૨૦૩૨ | ૨૮૧૮ |
| મુળા | ૨૫૬ | ૪૦૯ |
| રીંગણા | ૪૫૨ | ૬૪૪ |
| કોબીજ | ૧૪૩ | ૩૪૬ |
| ફ્લાવર | ૫૧૨ | ૭૨૧ |
| ભીંડો | ૪૩૧ | ૬૫૩ |
| ગુવાર | ૭૫૨ | ૧૭૮૪ |
| ચોળાસીંગ | ૩૪૩ | ૭૦૮ |
| વાલોળ | ૫૬૪ | ૮૬૭ |
| ટીંડોરા | ૬૧૬ | ૯૨૨ |
| દુધી | ૨૬૦ | ૫૨૩ |
| કારેલા | ૪૫૪ | ૬૦૮ |
| સરગવો | ૧૪૮૭ | ૨૦૩૩ |
| તુરીયા | ૫૨૧ | ૭૦૩ |
| પરવર | ૯૫૨ | ૧૧૩૮ |
| કાકડી | ૨૮૭ | ૭૫૨ |
| ગાજર | ૪૦૬ | ૬૦૭ |
| ગલકા | ૩૮૩ | ૫૮૪ |
| બીટ | ૩૫૭ | ૫૬૨ |
| મેથી | ૧૨૦૭ | ૧૪૨૨ |
| વાલ | ૭૦૮ | ૧૦૧૧ |
| ડુંગળી લીલી | ૩૧૩ | ૫૦૭ |
| આદુ | ૯૬૪ | ૧૩૨૬ |
| મરચા લીલા | ૩૩૬ | ૧૦૨૩ |
| હળદર લીલી | ૬૨૭ | ૮૪૫ |
| લસણ લીલું | ૧૬૧૫ | ૨૦૨૭ |
| મકાઇ લીલી | ૧૮૭ | ૩૧૩ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૦૧ | ૧૫૭૧ |
| ઘઉં લોકવન | ૫૧૦ | ૫૯૨ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૧૦ |
| સિંગદાણા જાડા | ૧૧૫૦ | ૧૩૮૧ |
| સિંગ ફાડીયા | ૮૫૧ | ૧૧૮૧ |
| એરંડા / એરંડી | ૧૨૧૧ | ૧૩૦૬ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૪૯૧ |
| ક્લંજી | ૨૭૦૧ | ૪૮૫૧ |
| ધાણા | ૮૦૦ | ૧૫૨૬ |
| ડુંગળી લાલ | ૫૮ | ૨૮૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૩૪૧ |
| તુવેર | ૧૦૫૦ | ૧૩૧૧ |
| રાયડો | ૧૦૦૧ | ૧૧૦૧ |
| રાય | ૧૪૦૧ | ૧૫૦૧ |
| મેથી | ૬૦૧ | ૧૦૫૧ |
| કાંગ | ૨૩૧ | ૫૩૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૨૦૦૧ |
| તલ - તલી | ૧૨૫૧ | ૨૦૯૧ |
| ઇસબગુલ | ૧૧૯૧ | ૧૩૦૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૫૫૧ |
| બાજરો | ૨૭૧ | ૪૦૧ |
| જુવાર | ૫૦૧ | ૭૫૧ |
| મકાઇ | ૪૧૧ | ૫૧૧ |
| મગ | ૮૦૧ | ૧૭૮૧ |
| ચણા | ૯૫૧ | ૧૧૨૧ |
| વાલ | ૫૦૧ | ૯૯૧ |
| ચોળા / ચોળી | ૬૦૧ | ૯૦૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૨૬ |
| ગોગળી | ૭૦૦ | ૮૫૧ |
| વટાણા | ૫૦૧ | ૧૦૫૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૮૦ | ૬૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૨૪૦૦ |
| કોબી | ૮૦ | ૩૦૦ |
| દુધી | ૩૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૬૦૦ |
| કાકડી | ૧૮૦ | ૮૦૦ |
| રીંગણા | ૧૨૦ | ૭૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૮૪૦ |
| ગલકા | ૨૦૦ | ૮૦૦ |
| ગાજર | ૨૦૦ | ૮૦૦ |
| ટિંડોરા | ૬૦૦ | ૯૦૦ |
| વાલ | ૪૦૦ | ૧૪૦૦ |
| વટાણા | ૩૬૦૦ | ૫૨૦૦ |
| શક્કરીયા | ૫૦૦ | ૭૦૦ |
| કેરી કાચી | ૧૦૦૦ | ૨૦૦૦ |
| બટેટા | ૨૪૦ | ૩૪૦ |
| અંબાળા | ૧૦૦૦ | ૧૬૦૦ |
| લીલી હળદર | ૮૦૦ | ૯૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૫ | ૧૦ |
| કોથમીર પુરા | ૩ | ૮ |
| મૂળા પુરા | ૪ | ૧૦ |
| આંબલી | ૬૦૦ | ૮૦૦ |
| પચકારુ | ૪૦૦ | ૧૦૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૩૮૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૮૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૦ |
| બીટ પુરા | ૮ | ૧૫ |
| ચોરા | ૪૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૩૦૦ | ૮૦૦ |
| વાલોર | ૪૦૦ | ૧૪૦૦ |
| મગફળી લીલી | ૫૦૦ | ૭૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૪૦૦ |
| મકાઈ ડોડા | ૧૬૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૮ | ૧૨ |
| પાલક પુરા | ૨ | ૭ |
| **અમરેલી** | | |
| કપાસ | ૮૪૦ | ૧૫૧૮ |
| શિંગ મઠડી | ૬૫૨ | ૧૦૯૬ |
| ગિરનાર શીંગ | ૮૦૦ | ૧૧૦૧ |
| શિંગ મોટી | ૬૭૯ | ૧૧૧૨ |
| શિંગદાણા | ૭૧૫ | ૧૦૦૦ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૨૪૭૦ |
| તલ કાળા | ૨૪૦૦ | ૪૪૦૦ |
| તલ કાશ્મીરી | ૧૮૪૫ | ૨૨૭૦ |
| બાજરો | ૨૯૧ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૭૫ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૭૫ |
| મકાઈ | ૨૯૫ | ૫૫૫ |
| મગ | ૧૪૭૫ | ૧૮૩૦ |
| અડદ | ૧૦૧૫ | ૧૫૪૫ |
| ચણા | ૯૯૮ | ૧૧૨૬ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૦૯૧ |
| તુવેર | ૮૧૫ | ૧૨૮૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૩૧૫ |
| રાઈ | ૧૪૦૦ | ૧૪૭૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૧૫ |
| અજમા | ૮૩૦ | ૧૨૫૦ |
| સોયાબીન | ૫૫૦ | ૮૨૬ |
| રજકાના બી | ૩૦૦૦ | ૬૪૨૫ |
| કાંગ | ૩૨૫ | ૪૧૪ |
| સુવાદાણા | ૮૩૦ | ૮૩૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૦૦ | ૩૯૦ |
| રીંગણા | ૨૧૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૧૦૦૦ |
| કોબીજ | ૧૧૦ | ૩૦૦ |
| શક્કરીયા | ૬૦૦ | ૮૦૦ |
| ટમેટાં | ૪૧૦ | ૫૦૦ |
| સુરણ | ૭૫૦ | ૮૫૦ |
| ગાજર | ૬૧૦ | ૮૦૦ |
| દુધી | ૫૦૦ | ૭૦૦ |
| કારેલા | ૬૦૦ | ૮૪૦ |
| ગલકા | ૪૨૦ | ૬૨૦ |
| મુળા | ૨૪૦ | ૪૦૦ |
| કાકડી | ૨૦૦ | ૫૨૦ |
| ગુવાર | ૭૦૦ | ૧૭૦૦ |
| વાલોળ | ૧૦૦૦ | ૧૪૭૦ |
| ચોળા લીલા | ૬૨૦ | ૪૮૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| આમળા | ૭૨૦ | ૮૫૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૪૦ |
| હળદર લીલી | ૮૦૦ | ૯૩૦ |
| ચીભડાં | ૬૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| કોથમીર | ૨૦૦૦ | ૩૦૦૦ |
| મેથીભાજી | ૧૨૪૦ | ૧૫૫૦ |
| ફોદીનો | ૭૫૦ | ૯૦૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૧૦૦૦ |
| બીટ | ૬૦૦ | ૭૦૦ |
| લીમડો મીઠો | ૨૧૦ | ૩૧૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૮૦૦ |
| મરચાં લાલ | ૩૦૦ | ૭૦૦ |
| ડુંગળી લીલી | ૧૮૦ | ૩૨૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૨૦ |
| લસણ લીલું | ૧૦૦૦ | ૧૨૦૦ |
| લસણ સુકું | ૭૨૦ | ૧૨૫૦ |
| વાલ | ૯૦૦ | ૧૨૪૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૭૦૦ |
| પાલક | ૭૦૦ | ૧૦૦૦ |
| ચિભડા | ૬૦૦ | ૮૦૦ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૨૧૧ | ૧૪૯૧ |
| કપાસ કોડી | ૯૮૧ | ૧૧૪૬ |
| મગફળી | ૬૦૦ | ૮૫૦ |
| ઘઉં | ૫૧૭ | ૫૧૭ |
| ચણા | ૯૭૧ | ૧૦૫૦ |
| અડદ | ૧૧૦૧ | ૧૧૦૧ |
| ધાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| શીંગ દાણા | ૮૪૦ | ૧૦૧૫ |
| સોયાબીન | ૬૦૦ | ૭૬૦ |
| **ખાંભા** | | |
| કપાસ નવો | ૧૨૦૮ | ૧૫૫૧ |
| કપાસ કોડી | ૮૦૦ | ૧૫૦૧ |
| તલ સફેદ | ૧૪૧૬ | ૧૪૧૬ |
| સોયાબીન | ૭૦૦ | ૭૭૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૦૨૦ | ૧૪૯૪ |
| કપાસ સી ગ્રેડ | ૬૩૫ | ૧૦૦૦ |
| **બાબરા** | | |
| કપાસ નવો | ૧૨૫૦ | ૧૫૪૦ |
| કપાસ | ૯૪૦ | ૧૨૦૦ |
| મગફળી | ૮૩૦ | ૧૦૦૦ |
| તલ સફેદ | ૧૪૧૦ | ૨૦૦૦ |
| તલ કાળા | ૨૫૭૦ | ૩૯૨૦ |
| જીરૂ | ૨૯૮૦ | ૩૩૦૦ |
| ઘઉં | ૪૬૨ | ૫૫૮ |
| અડદ | ૮૭૦ | ૧૨૨૦ |
| મગ | ૧૨૫૦ | ૧૫૧૦ |
| ચણા | ૯૬૫ | ૧૦૩૫ |
| સોયાબીન | ૭૭૨ | ૮૨૮ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૪૦ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૦૬ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૪૮૩ |
| ચણા | ૯૦૦ | ૧૦૫૦ |
| અડદ | ૭૦૦ | ૯૪૫ |
| મેથી | ૫૭૫ | ૭૦૨ |
| ધાણા | ૧૨૦૦ | ૧૨૬૫ |
| કાંગ | ૩૮૦ | ૩૮૫ |
| સોયાબીન | ૬૫૫ | ૭૯૬ |
| રજકાબી | ૧૭૯૦ | ૧૮૦૦ |
| સીંગદાણા | ૭૪૫ | ૧૦૦૯ |
| મગફળી | ૫૧૫ | ૮૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૮૦૦ | ૧૦૭૧ |
| શીંગ મોટી | ૮૧૧ | ૧૧૭૦ |
| તલ સફેદ | ૧૫૫૦ | ૧૯૦૧ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૪૦૦ |
| કપાસ | ૧૩૦૦ | ૧૫૦૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૦ |
| બાજરો | ૩૫૦ | ૪૭૦ |
| જુવાર | ૫૦૦ | ૭૪૧ |
| અડદ | ૧૦૮૮ | --- |
| ચણા | ૧૦૦૦ | ૧૧૮૪ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૦૦ |
| મગ | ૯૦૧ | --- |
| મકાઈ | ૪૧૨ | --- |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૫૦ | ૮૦૦ |
| તલ સફેદ | ૧૪૬૧ | ૧૭૮૧ |
| કપાસ | ૮૦૦ | ૧૫૪૧ |
| બાજરો | ૩૭૦ | ૫૧૧ |
| ઘઉં ટુકડા | ૪૭૧ | ૬૧૧ |
| જુવાર | ૫૨૧ | ૮૭૦ |
| મકાઈ | ૫૧૦ | ૫૧૦ |
| અડદ | ૭૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૬૩૦ | ૧૦૧૧ |
| મેથી | ૮૯૦ | ૮૯૦ |
| સોયાબીન | ૬૨૫ | ૭૬૩ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૩૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૬ |
| ચણા | ૭૦૧ | ૧૦૫૧ |
| અડદ | ૬૫૧ | ૧૨૮૧ |
| મગફળી | ૫૦૧ | ૧૦૩૧ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૧૯૨૧ |
| ધાણા | ૧૦૫૧ | ૧૩૫૬ |
| સોયાબીન | ૬૫૧ | ૮૩૧ |
| **કોડીનાર** | | |
| કપાસ(ડોળાસા) | ૯૦૦ | ૧૫૦૦ |
| મગફળી નવી | ૭૨૫ | ૧૨૦૧ |
| બાજરો | ૩૭૦ | ૫૩૫ |
| ઘઉં | ૪૫૦ | ૫૭૦ |
| અડદ | ૭૦૦ | ૧૩૯૮ |
| ચણા | ૯૦૫ | ૧૧૪૪ |
| તલ | ૧૦૦૦ | ૧૮૭૨ |
| તલકાળા | ૨૨૦૦ | ૩૮૫૫ |
| સોયાબીન | ૬૦૦ | ૮૪૪ |
| **જામનગર** | | |
| જુવાર | ૫૦૦ | ૬૫૦ |
| બાજરો | ૩૦૦ | ૪૨૦ |
| ઘઉં | ૪૮૦ | ૫૪૦ |
| મગ | ૧૪૦૦ | ૧૪૭૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચણા | ૯૫૦ | ૧૧૦૭ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૮૪૫ |
| મગફળીજીણી | ૧૦૧૦ | ૧૧૭૦ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૦૧૦ |
| મગફળી ૬૬ નં. | ૧૨૦૦ | ૧૮૪૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૩૯ |
| તલ | ૭૭૫ | ૧૮૨૫ |
| રાયડો | ૯૫૦ | ૧૧૯૫ |
| રાઈ | ૧૧૦૦ | ૧૫૫૫ |
| લસણ | ૫૧૫ | ૧૧૦૦ |
| કપાસ | ૯૦૦ | ૧૫૦૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૪૩૫ |
| અજમો | ૬૨૫ | ૨૯૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૪૫ |
| ધાણી | ૧૨૫૦ | ૧૩૭૦ |
| ડુંગળી સૂકી | ૫૦ | ૨૫૫ |
| સોયાબીન | ૭૦૦ | ૮૧૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ઉનાના નવાબંદર ખાતે દરિયાઈ ખાડીમાં પડતા શ્રમિકનું મોત નિપજ્યું

ઉના,તા.૧૫

ઉનાના નવાબંદર ખાતે દરિયાઈ ખાડીમાં પડી જવાથી એક શ્રમિકનું મોત થયું છે. બંગાળના દિલીપ જયદેવભાઈ ગુજટે (ઉ.વ. ૩૫) નામનો શ્રમિક જેટી પર કામ કરી રહ્યો હતો ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. પ્રાથમિક માહિતી અનુસાર, દિલીપ ગુજટે છેલ્લા દોઢ વર્ષથી અન્ય શ્રમિકો સાથે નવાબંદર જેટીના નિર્માણ કાર્યમાં જોડાયેલ હતો. આજે જેટી પર કામ કરતી વખતે તે અચાનક અકસ્માતે ખાડીમાં પડી ગયો હતો. ખાડીમાં પટકાતા તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. ગંભીર હાલતમાં તેને તાત્કાલિક ઉનાની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો, હોસ્પિટલમાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. નવાબંદર પોલીસે અકસ્માત મૃત્યુ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે મૃતકના પરિવારનો સંપર્ક કરવાના પ્રયાસો પણ શરૂ કર્યા છે.



**બંગાળી યુવક જેટી પર કામ કરતી વખતે અકસ્માતનો ભોગ બન્યો**

# સાવરકુંડલા શહેરના વિકાસ માટે રૂ.૧૯.૨૮ કરોડના ૧૧ નવા બોક્સ કલવર્ટ મંજૂર કરાવતા મહેશ કસવાલા

સાવરકુંડલા, તા.૧૫

સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના સઘન પ્રયાસોને પરિણામે, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન અંતર્ગત સાવરકુંડલા શહેરના વિકાસ માટે રૂ.૧૯.૨૮ કરોડના વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી છે. આ યોજના હેઠળ સાવરકુંડલા શહેરમાં ૧૧ નવા બોક્સ કલવર્ટ (બ્રિજ)નું નિર્માણ થશે. આ કાર્યોનું આયોજન આગામી ૩૦ વર્ષના વિઝનને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય લાંબાગાળે ગ્રામીણ કનેક્ટિવિટી જાળવી રાખવાનો છે. આ નવા સ્ટ્રક્ચર્સ અમરેલી રોડ ગેટ (રૂ.૮૩.૫ લાખ), શ્રમજીવી નગર-ઘનશ્યામ નગર (રૂ.૧૭૬.૫ લાખ), નાવલી કંસારા બજાર (રૂ.૬૮ લાખ), ખોડિયાર ચોક હાથસણી રોડ (રૂ.૧૦૨.૪૫ લાખ), હાથસણી રોડ-રાધેશ્યામ સોસાયટી (રૂ.૯૪ લાખ), બીડી કામદાર-મણિનગર (રૂ.૩૧૮ લાખ), વેલનાથ પરા (રૂ.૧૬ લાખ), ખાદી કાર્યાલય (રૂ.૧૦૭ લાખ), ગણેશનગર-દીલાભાઈના તબેલા પાસે (રૂ.૧૩૨ લાખ), મોમાઈ મંદિર (રૂ.૧૮૧ લાખ) અને રામજી મંદિર કેવડાપરા (રૂ.૬૫૦ લાખ) જેવા વિસ્તારોમાં નિર્માણ પામશે. આ નવા બોક્સ કલવર્ટના નિર્માણથી ચોમાસા દરમિયાન શહેરમાં કનેક્ટિવિટી અટકશે નહીં અને પૂર કે વરસાદના કારણે રસ્તાઓ બંધ થવાથી નાગરિકોને અવરજવરમાં પડતી મુશ્કેલીઓનો અંત આવશે.



# સાવરકુંડલામાં જોગીદાસબાપુની પ્રતિમાના અનાવરણનો વાર્ષિક સ્મરણાંજલિ કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા, તા.૧૫



સાવરકુંડલામાં ખમીરવંતા જોગીદાસ બાપુ ખુમાણની પ્રતિમાના અનાવરણના એક વર્ષ પૂર્ણ થવા નિમિત્તે બુધવારે સ્મરણાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં શ્રી જોગીદાસબાપુના તપ, સંસ્કાર અને સમાજ પ્રત્યેના અદ્ભુત યોગદાનને યાદ કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ તકે સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા સહિત રાજકીય સામાજિક આગેવાનો, સમાજના આગેવાનો અને શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનાના ઓલવાણની શાળામાં માત્ર ૬ ઓરડામાં ૧થી ૮નાં ૨૮૫ વિદ્યાર્થીઓને અપાતું શિક્ષણ

ઉના,તા.૧૫

ઉના પંથકના દરિયા કિનારે આવેલા ઓલવાણ ગામે પ્રાથમિક શાળાનું નવું બિલ્ડીંગ ફાળવવા માંગણી કરવામાં આવી રહી છે. હાલની સ્થિતિ જોઈએ તો છ વર્ગ રૂમો વચ્ચે ૨૮૫ વિદ્યાર્થીઓને ધોરણ ૧થી ૮ સુધી અભ્યાસ કરાવવામાં આવે છે. ત્રણ બિલ્ડીંગ પૈકી બે જર્જરીત બનતા વિદ્યાર્થીઓની સુરક્ષા બાબતે વાલીઓ પણ ચિંતિત બન્યા છે.

આ બાબતે ભાજપના અગ્રણી અને જિલ્લા તકેદારી સમિતિના સભ્ય વાળા ભાયદાસભાઈએ મુખ્યમંત્રી, શિક્ષણ મંત્રી તેમજ જિલ્લા શિક્ષણાધિકારી સહિત વિવિધ શિક્ષણ વિભાગને રજૂઆત કરી નવું બિલ્ડીંગ ફાળવવા રજૂઆત કરી છે.



તસવીર : કૈલાશ ભટ્ટ

અહીં વસ્તીનું પ્રમાણ વધુ છે પરંતુ શિક્ષણનો દર ઓછો રહ્યો છે. એક કાર્યરત બિલ્ડિંગના ૮ રૂમોમાં આચાર્યની ઓફિસ અને શાખાનું સાહિત્ય, શિક્ષકો, સ્ટડી રૂમ અને ૨૮૫ બાળકોને ધોરણ ૧થી ૮ સુધી શિક્ષણ આપી ઘડતર થાય છે.

# અમિષા ગાબાણીએ MD (Dermatology)માં પ્રથમ ક્રમે પાસ થઈ ગોલ્ડ મેડલ મેળવ્યો

અમરેલી, તા.૧૫



સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના MD (Dermatology) વિભાગમાં અમિષા રવજીભાઈ ગાબાણીએ પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થવાનું ગૌરવ હાંસલ કર્યું છે. ઉત્તમ શૈક્ષણિક પ્રદર્શન બદલ તેમને Gold Medal એનાયત કરવામાં આવ્યો છે. આ સિદ્ધિ દ્વારા અમિષાએ પરિવાર, ગામ અને સમગ્ર વિસ્તારમાં ગર્વનો માહોલ સર્જ્યો છે. તેમના સતત પરિશ્રમ અને સમર્પણનું આ ઉજ્જવળ પરિણામ છે. અમિષાને આ ઉત્તમ સફળતા માટે ગાબાણી પરિવાર પર સ્નેહીજનો તરફથી હાર્દિક અભિનંદન તથા ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.

# લીલીયા તાલુકા કોંગ્રેસમાં 'સંગઠન સર્જન અભિયાન' અંતર્ગત બેઠક: પ્રમુખની વરણી માટે પ્રતાપભાઈ દુધાતને સર્વાનુમતે અધિકાર

લીલીયા, તા.૧૫

લીલીયા તાલુકા કોંગ્રેસ દ્વારા 'સંગઠન સર્જન અભિયાન' અંતર્ગત લીલીયા મોટા જલારામ મંદિર ખાતે એક મહત્ત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરથી નિરીક્ષકો તરીકે પૂર્વ ધારાસભ્ય લલિતભાઈ વસોયા અને દિનેશભાઈ મકવાણા હાજર રહ્યા હતા. આ બેઠકમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, પૂર્વ પ્રમુખ ઠાકરશીભાઈ મેતલીયા સહિત ડી.કે. રૈયાણી, અર્જુનભાઈ સોસા, શાંતિલાલ રાણવા, મનીષભાઈ ભંડેરી, વલ્લભભાઈ ઝિંઝુવાડિયા, રમેશભાઈ ગોહિલ વગેરે આગેવાનો અને વિશાળ સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. તાલુકા કોંગ્રેસ પ્રમુખ ખોડાભાઈ માળવિયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. લલિતભાઈ વસોયા દ્વારા સંગઠનમાં દાવેદારી કરવા ઈચ્છતા કાર્યકરોને ખુલ્લી રીતે કરવા આહ્વાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જિલ્લા કોંગ્રેસ મહામંત્રી નીતિનભાઈ ત્રિવેદીએ બે ઠરાવ રજૂ કર્યા હતા. જેમાં ખેડૂતોને પાક ધોવાણના પૈસા મંજૂર કરાવવા બદલ પ્રતાપભાઈ દુધાતની મહેનતને બિરદાવી તેમને અભિનંદન આપવામાં આવ્યા હતા. સૌથી મહત્ત્વપૂર્ણ બાબત એ રહી કે લીલીયા તાલુકા કોંગ્રેસમાં કોઈ જાતની ખેંચતાણ ન હોવાથી કોઈએ તાલુકા પ્રમુખ માટે ઉમેદવારી નોંધાવી ન હતી અને સર્વાનુમતે લીલીયા તાલુકા કોંગ્રેસ પ્રમુખની નિમણૂક બાબતે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતને અધિકાર આપવામાં આવ્યો હતો.



# કોડીનારમાં સંસ્થા દ્વારા દિવ્યાંગ બાળકો સાથે ભાવનાસભર દિવાળી ઉત્સવની ઉજવણી

કોડીનાર,તા.૧૫

કોડીનારમાં જીવનદીપ હેલ્થ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ (દિવ્યાંગ બાળકોની સંસ્થા) દ્વારા દિવ્યાંગ બાળકોમાં આનંદ, આત્મવિશ્વાસ અને સામાજિક સ્વીકારની ભાવના વિકસાવવાના ઉમદા હેતુથી એક વિશેષ દિવાળી ઉત્સવ ઉજવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બુધવારે સવારે સંસ્થાના પરિસર ચોરવાડી હનુમાનજી મંદિરની બાજુમાં, બાયપાસ રોડ ખાતે આ કાર્યક્રમ યોજાયો હતો. ઉત્સવની શરૂઆત દિવ્યાંગ બાળકો અને ઉપસ્થિત મહેમાનો દ્વારા પ્રાર્થના અને રાષ્ટ્રીય ગીત સાથે કરવામાં આવી હતી, જેમાં બાળકોએ ડ્રમ, ઢોલ અને હાર્મોનિયમ જેવા સંગીતના સાધનો પર મધુર સંગીત રજૂ કરીને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. દિવ્યાંગ બાળકો દ્વારા બનાવેલા દીવડાં, ડેકોરેશન આઈટમ્સ અને અન્ય કલાત્મક વસ્તુઓના વેચાણ સ્ટોલ રાખવામાં આવ્યા હતા.





તસવીર : કુલદીપ પાઠક

# ગિરનાર પર ગોરખનાથજીની મૂર્તિ ખંડિત કરવાની ઘટનામાં ન્યાય કરવા કોડીનાર શિવસેનાની માંગણી

કોડીનાર,તા.૧૫

ગિરનાર પર્વત પર ગોરખ શિખર પર ગુરુ શ્રી ગોરખનાથજીની મૂર્તિ ખંડિત કરવાની ઘટના અંગે યોગ્ય તપાસ અને ન્યાય કરવા કોડીનારમાં શિવસેનાએ માગણી કરી છે. આ અંગે કોડીનાર શિવસેનાના પ્રમુખ રાજુભાઈ બાંભણિયાએ મામલતદારને આપેલ આવેદનમાં જણાવેલ કે, ગિરનારના પવિત્ર ગોરખ શિખર પર બિરાજમાન નાથ સંપ્રદાયના આદિ ગુરુ યોગ માર્ગના પ્રથમ પ્રચારક અને સનાતન ધર્મના રક્ષક એવા અવતારી ગુરુ શ્રી ગોરખનાથજી ની મૂર્તિને તાજેતરમાં ખંડિત કરવામાં આવી છે. તેમાં માત્ર મૂર્તિનો ભાવ નથી પરંતુ સમગ્ર ભારતના સનાતનની હિન્દુ ધર્મની આસ્થા છે. કોડીનાર શહેરનો સનાતની હિન્દુ સમાજ આ ઘટનાને સખત શબ્દોમાં વખોડી કાઢે છે. આપને વિનંતી છે કે આ અંત્યત સંવેદનશીલ ધાર્મિક આસ્થાના વિષયમાં તાત્કાલિક દરમિયાનગીરી કરીને આ અસામાજિક તત્વોની ઝડપી અને યોગ્ય તપાસ કરવામાં આવે તથા ગુનેગાર સામે કાયદાકીય અને ન્યાયિક પ્રક્રિયા હેઠળ સખતમાં સખત પગલાં લેવામાં આવે.



તસવીર : ધર્મેશ પાઠક


**//એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//**

અપીલ અરજી નં.૫૬/૨૦૨૫

અરજદાર :- શ્રી સલાટ મીરાબેન પરેશભાઈ
રહે.જેશીંગપરા શેરી નં.૧, ઝુપડપટ્ટી વિસ્તાર,
અમરેલી, તા.જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ.અમરેલી, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં સલાટ મીરાબેન પરેશભાઈ તેમના પુત્રશ્રી અજય પરેશભાઈ સલાટનો જન્મ (તા.૦૧/૦૬/૨૦૧૯) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૪/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(એચ.એમ.તલાટી)
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી શહેર



**//એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//**

અપીલ અરજી નં.૫૫/૨૦૨૫

અરજદાર :- શ્રી વિજયભાઈ માયાભાઈ પરમાર
રહે.જેશીંગપરા શેરી નં.૧, ઝુપડપટ્ટી વિસ્તાર,
અમરેલી, તા.જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ.અમરેલી, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં વિજયભાઈ માયાભાઈ પરમાર તેમના પુત્રશ્રી રવિ વિજયભાઈ પરમારનો જન્મ (તા.૦૧/૦૬/૨૦૧૨) તથા પુત્રશ્રી સાગર વિજયભાઈ પરમારનો જન્મ (તા.૧૨/૦૫/૨૦૨૧) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૩/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(એચ.એમ.તલાટી)
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી શહેર



**//એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//**

અપીલ અરજી નં.૫૭/૨૦૨૫

અરજદાર :- શ્રી પરમાર ભાણાભાઈ કમાભાઈ
રહે.જેશીંગપરા, શેરી નં.૧, ઝુપડપટ્ટી વિસ્તાર,
અમરેલી, તા.જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ.અમરેલી, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં પરમાર ભાણાભાઈ કમાભાઈ તેમની પુત્રીશ્રી મધુ ભાણાભાઈ પરમારની જન્મ (તા.૨૨/૧૦/૨૦૧૫) તથા પુત્રશ્રી મુકેશ ભાણાભાઈ પરમારની જન્મ (તા.૨૧/૦૮/૨૦૧૫) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૪/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(એચ.એમ.તલાટી)
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી શહેર



**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી નં.૧૭૭/૨૦૨૫

અરજદાર :- શ્રી શારદાબેન પ્રાગજીભાઈ કાબરીયા
રહે.અમરેલી, લીલીયા રોડ, સુખનાથ પરા, શિવમ-૩, તા.જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. ચિતલ, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ચિતલ ગામમાં અરજદારશ્રી શારદાબેન પ્રાગજીભાઈ કાબરીયાએ તેઓના બહેન હીરાબેન માધાભાઈ દેસાઈની જન્મ (તા.૦૧/૦૬/૧૯૬૫) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૬/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય



**મામલતદાર અને તાલુકા એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૨૩૭/૨૫ — તા.૧૦/૧૦/૨૦૨૫

વિવાદી- શ્રી ઈકબાલભાઈ નુરમામદભાઈ અગવાન
રહે.મુ.તા.બાબરા, તા.જિ.અમરેલી.
મો....................

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-ચીફઓફીસરશ્રી, બાબરા
બાબરા નગરપાલીકા, તા.બાબરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના બાબરા ગામના રહેવાશી આ કામના અરજદારના બહેન શ્રી ફરીદા નુરમામદભાઈ અગવાનનો તા.૦૧/૦૬/૧૯૭૮ ના રોજ મોજે- મુ.તા.બાબરા, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ નો કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૮/૦૯/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૧૬/૧૦/૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર બાબરા



**મામલતદાર અને તાલુકા એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૨૪૮/૨૫ — તા.૦૪/૦૯/૨૦૨૫

વિવાદી- શ્રી જેઠાભાઈ હિરજીભાઈ ચણીયારા
રહે.ગરણી, તા.બાબરા, જિ.અમરેલી.
મો.૬૩૫૪૫૭૪૪૫૮

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-ત.ક.મ.શ્રી, ગરણી
ગરણી ગ્રામ પંચાયત, તા.બાબરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
**(મરણનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ગરણી ગામના રહીશ આ કામના અરજદારના પિતાશ્રી હિરજીભાઈ મોહનભાઈ ચણીયારાનું મરણ તા.૦૯/૦૯/૨૦૦૮ ના રોજ મોજે- ગરણી, તા.બાબરા, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૯/૦૯/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૧૬/૧૦/૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર બાબરા

# ભારત ૨૦૪૦ સુધીમાં તેના નાગરિકોને ચંદ્ર પર ઉતારવાનું અને પાછા લાવવાનું લક્ષ્ય રાખે છે : ઈસરો

રાંચી,તા.૧૫

ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઈસરો)ના અધ્યક્ષ વી. નારાયણને બુધવારે જાહેરાત કરી હતી કે ભારત ૨૦૪૦ સુધીમાં તેના નાગરિકોને ચંદ્ર પર ઉતારવાનું અને તેમને સુરક્ષિત રીતે પાછા લાવવાનું લક્ષ્ય રાખે છે. ભારતનું પ્રથમ માનવ અવકાશ ઉડાન, ગગનયાન, ૨૦૨૭ માં લોન્ચ થશે. નારાયણને રાંચીમાં બિરલા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી મેસરાના ઉપમા દીક્ષાંત સમારોહમાં આ ટિપ્પણી કરી હતી. નારાયણે કહ્યું કે 'ગગનયાન' મિશનની તૈયારીઓ ઝડપથી ચાલી રહી છે. આ મિશન પહેલાં, ત્રણ મિશન માનવરહિત હશે. પહેલું મિશન ડિસેમ્બર ૨૦૨૫ માં થશે, જેમાં અર્ધ-માનવ-રોબોટ 'વ્યોમિત્ર' અવકાશમાં જશે. આ પછી ૨૦૨૬ માં બે વધુ માનવરહિત મિશન શરૂ થશે. નારાયણને કહ્યું,



"ભારતનું પ્રથમ માનવ અવકાશ મિશન, ગગનયાન, ૨૦૨૭ ના પ્રથમ ક્વાર્ટરમાં પૂર્ણ થશે." ઈસરો વડાએ જણાવ્યું હતું કે ભારત તેનું અવકાશ સ્ટેશન, ભારતીય અવકાશ સ્ટેશન ૨૦૩૫ સુધીમાં પૂર્ણ કરશે. તેનું પ્રારંભિક મોડ્યુલ ૨૦૨૭ સુધીમાં અવકાશમાં તૈનાત કરી શકાય છે. વધુમાં, ચંદ્રયાન-૪, ચંદ્રયાન-૫, એક નવું મંગળ મિશન અને એક ખગોળશાસ્ત્રીય વેધશાળા મિશન, એક્સસઓએમ જેવા મોટા પ્રોજેક્ટ્સ પણ પાઇપલાઇનમાં છે. નારાયણને કહ્યું કે શુક્રનો અભ્યાસ કરવા માટે શુક્ર ઓર્બિટર મિશનને મંજૂરી આપવામાં આવી છે.

# ભોપાલમાં હિન્દુ વેપારીઓ પાસેથી જ ખરીદી કરી સનાતની દિવાળીની ઉજવણી કરવાની અપીલ કરતી હિન્દુ ઉત્સવ સમિતિ

ભોપાલ,તા.૧૫

મધ્યપ્રદેશની રાજધાનીમાં નવરાત્રિ દરમિયાન બિન-હિંદુઓને ગરબા પર પ્રતિબંધ મૂકવાના અભિયાનથી લઈને કરવા ચોથ પર ફક્ત હિન્દુઓને મહેંદી લગાવવાની અપીલ સુધી, હિન્દુ સંગઠનો હવે ઘરે ઘરે જઈને હિન્દુઓને દિવાળી પર સનાતની દિવાળી ઉજવવા માટે વિનંતી કરી રહ્યા છે. ભોપાલ હિન્દુ ઉત્સવ સમિતિના પ્રમુખ ચંદ્રશેખર તિવારી અને સંત સમાજના અનિલાનંદ સહિતના હિન્દુ કાર્યકરોએ બેનરો પકડી રાખ્યા હતા જેમાં લખ્યું હતું કે, "તમારા પૈસા સનાતનીઓ માટે વાપરો. તમારા પૈસા જેહાદ માટે ન વાપરવા જોઈએ. જેઓ દેવી લક્ષ્મીની પૂજા કરે છે તેમની પાસેથી ખરીદી કરો, જેથી તેઓ પણ તમારા પૈસાથી તેમના ઘરે દેવી લક્ષ્મીની પૂજા કરી શકે. આ દિવાળીએ, એવા લોકો પાસેથી ખરીદી કરો જેઓ તે ખરીદીથી




તેમના ઘરે દિવાળી ઉજવી શકે." આ અપીલ દરમિયાન, ઘણા હિન્દુ પરિવારો સંગઠનોના સમર્થનમાં દેખાયા હતા. તેઓએ કહ્યું કે બિન-હિન્દુ સમુદાયો ઘણીવાર હિન્દુ તહેવારોનો વિરોધ કરે છે, તેથી તેઓ ફક્ત સનાતની દુકાનદારો પાસેથી જ ખરીદી કરશે. જોકે, કેટલાકે આ વિચારનો વિરોધ કર્યો. તેઓએ કહ્યું કે દિવાળી ખુશી અને એકતાનો તહેવાર છે, અને ધર્મના આધારે વ્યવસાય કરવો યોગ્ય નથી. એક મહિલા ગ્રાહકે કહ્યું, "અમે ગરીબ દુકાનદારો પાસેથી ખરીદી કરીએ છીએ, ભલે તેમનો ધર્મ ગમે તે હોય. આ તહેવાર બધા માટે છે."

# બિહારના લોકોને નીતિશ અને વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં વિશ્વાસ : સમ્રાટ ચૌધરી

પટણા,તા.૧૫

બિહારના નાયબ મુખ્ય પ્રધાન સમ્રાટ ચૌધરીએ કહ્યું, "વડાપ્રધાન મોદી અને મુખ્ય પ્રધાન નીતિશ કુમારના નેતૃત્વમાં એનડીએ એકજૂથ છે. બેઠકો ચાલી રહી છે. અમે બેઠકોની સંખ્યા નક્કી કરી લીધી છે. હવે, બેઠકોની વહેંચણી પર વાતચીત અંતિમ તબક્કામાં છે. ટૂંક સમયમાં બધું સ્પષ્ટ થઈ જશે." નીતિશ કુમાર અમારા નેતા છે, અને બિહારના લોકોને નીતિશ કુમાર અને વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં વિશ્વાસ છે." જેડીયુ નેતા ગોપાલ મંડળે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારના નિવાસસ્થાન બહાર વિરોધ પ્રદર્શન કર્યું. તેમણે કહ્યું, "અમે મુખ્યમંત્રીને મળવા માંગીએ છીએ... અમને ટિકિટ મળશે, પરંતુ અમે ટિકિટ મેળવ્યા વિના નહીં જઈએ. જ્યારે સમાચાર તેમના સુધી પહોંચશે, ત્યારે તેઓ ચોક્કસપણે અમને મળશે." તેમણે કહ્યું, "અમે મુખ્યમંત્રીને મળવા માંગીએ છીએ... અમને ટિકિટ મળશે, પરંતુ અમે ટિકિટ મેળવ્યા વિના નહીં જઈએ.

# વિજય ૭ કલાક માટે મોડા પહોંચતા આ ભાગદોડ સર્જાઈ હતી : એમકે સ્ટાલિન

ચેન્નાઈ,તા.૧૫


૨૭ સપ્ટેમ્બરની સાંજે તમિલનાડુના કરુરમાં થયેલી ભાગદોડમાં ૪૧ લોકોના મોત થયા. અભિનેતા વિજયની રેલીમાં થયેલી ઘટનાની CBI તપાસ ચાલી રહી છે. દરમિયાન, કરુર ભાગદોડને લઈને રાજકારણ પણ ગરમાયું છે. રાજ્યના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને વિજય પર નિશાન સાધ્યું છે.



અભિનેતામાંથી રાજકારણી બનેલા વિજય કટ્ટામિલાગા વેટ્રી કઝગમના પ્રમુખ છે. સીએમ સ્ટાલિને કરુર ભાગદોડ માટે વિજયને દોષી ઠેરવ્યા છે. સીએમ સ્ટાલિનના જણાવ્યા મુજબ, પોલીસને કહેવામાં આવ્યું હતું કે રેલી પાંચ કલાક ચાલશે. બાદમાં, તેમને ખબર પડી કે વિજય બપોરે પહોંચશે. જોકે, વિજય સાત કલાક મોડા પહોંચ્યા, જેના કારણે ભીડ ઉભરાઈ ગઈ અને નાસભાગ મચી ગઈ. સીએમ સ્ટાલિનના જણાવ્યા મુજબ, "આ નાસભાગનું એક મોટું કારણ છે." સ્ટાલિને કાર્યક્રમના આયોજકોની પણ ટીકા કરી. રેલીમાં હાજર લોકો માટે ખોરાક, પાણી કે બાથરૂમની પણ પૂરતી વ્યવસ્થા નહોતી.

# બિહાર ભાજપે ૧૨ ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી

પટના,તા.૧૫




બિહારમાં ભાજપે બુધવારે ૧૨ ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી. લોક ગાયિકા મૈથિલી ઠાકુરને અલીનગરથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે, જ્યારે ભૂતપૂર્વ IPS અધિકારી આનંદ મિશ્રાને બક્સરથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. મૈથિલી ઠાકુર એક દિવસ પહેલા જ ૧૪ ઓક્ટોબરના રોજ ભાજપમાં જોડાઈ હતી. આનંદ મિશ્રાએ લોકસભા ચૂંટણી લડવા માટે પોતાની IPS નોકરી છોડી દીધી હતી. તે સમયે ભાજપે તેમને ટિકિટ આપી ન હતી. તેઓ અપક્ષ તરીકે ચૂંટણી લડ્યા હતા. ભાજપે તેમને વિધાનસભા ચૂંટણીમાં તક આપી છે. મૈથિલી ઠાકુરને અલીનગર બેઠક પરથી ઉમેદવાર બનાવવામાં આવી છે.

# રાજ્ય સરકારનો મોટો નિર્ણય : રેશનકાર્ડ હવે ઓળખ કે રહેઠાણના પુરાવા તરીકે માન્ય નહી

અમદાવાદ,તા.૧૫

રાજ્યના લાખો રેશનકાર્ડ ધારકો માટે એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. ગુજરાત સરકારના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે, જે અંતર્ગત હવેથી રેશનકાર્ડનો ઉપયોગ ઓળખના પુરાવા કે રહેઠાણના પુરાવા તરીકે કરી શકાશે નહીં. વિભાગ દ્વારા આ અંગે એક પરિપત્ર જાહેર કરવામાં



આવ્યો છે, જેમાં સ્પષ્ટ જણાવાયું છે કે રેશનકાર્ડની માન્યતા હવે માત્ર રેશનકાર્ડ મેળવવા અને રાજ્ય સરકારની જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ સબસિડીવાળું અનાજ મેળવવા પૂરતી જ સીમિત રહેશે. સરકારના આ નિર્ણયને કારણે હવે બેંક ખાતું ખોલાવવું, મોબાઈલ સિમ કાર્ડ મેળવવું, કે સરકારી યોજનાઓનો લાભ લેવા જેવી વિવિધ સેવાઓ અને દસ્તાવેજો માટે રેશનકાર્ડ રજૂ કરી શકાશે નહીં. આ માટે નાગરિકોએ આધાર કાર્ડ, પાસપોર્ટ, ચૂંટણી કાર્ડ અથવા અન્ય માન્ય સરકારી દસ્તાવેજોનો ઉપયોગ કરવો પડશે. આ નિર્ણયનો હેતુ રેશનકાર્ડનો દુરુપયોગ અટકાવવાનો અને તેના મૂળ હેતુ—ગરીબ તથા જરૂરિયાતમંદ લોકોને અનાજનું વિતરણ સુનિશ્ચિત કરવાનું મનાય છે.

# ઉત્તર ભારતમાં ફૂંકાતા ઠંડા પવનોને કારણે દેશના ઘણા રાજ્યોમાં ઠંડીની અસર

નવીદિલ્હી,તા.૧૫

ઉત્તર ભારતમાં ફૂંકાતા ઠંડા પવનોને કારણે, દેશના ઘણા રાજ્યોમાં ઠંડીની અસર દેખાઈ રહી છે. દિવાળી પૂરી થતાં જ દિલ્હી સહિત ઘણા રાજ્યોમાં તીવ્ર ઠંડીની અપેક્ષા છે. આગામી અઠવાડિયા માટે ઉત્તર ભારતમાં વરસાદની કોઈ ચેતવણી નથી. હવામાન વિભાગે મંગળવારે દિલ્હી-એનસીઆરમાં સ્વચ્છ આકાશની આગાહી કરી



છે. નોઇડા, ગાઝિયાબાદ અને ગુરુગ્રામ જેવા સ્થળોએ, દિવસનું મહત્તમ તાપમાન ૩૦ થી ૩૧ ° સે અને રાત્રિનું લઘુત્તમ તાપમાન ૧૮ થી ૧૯ ° સે સુધી પહોંચી ગયું છે. વર્ષના આ સમય માટે બંને તાપમાન સરેરાશથી થોડું ઓછું છે. દિવાળી સુધી આ પ્રદેશમાં વરસાદની અપેક્ષા નથી, અને તહેવાર પૂરો થતાં જ તીવ્ર ઠંડીનો સમયગાળો શરૂ થઈ શકે છે. હવામાન વિભાગે અહેવાલ આપ્યો છે કે સોમવારે દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ૧૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે મોસમના સરેરાશથી ૦.૬ ડિગ્રી ઓછું છે. સોમવારે સતત ચોથો દિવસ હતો જ્યારે શિયાળાની ઋતુ ૨૦૨૫-૨૬ માટે લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રી સેલ્સિયસથી નીચે નોંધાયું હતું.

# કર્ણાટકના લોકાયુક્ત અધિકારીઓના આવક કરતા વધુ સંપત્તિ રાખનાર ૧૨ સરકારી અધિકારીઓ સામે દરોડા

બેંગ્લુરૂ,તા.૧૫

કર્ણાટકના લોકાયુક્ત અધિકારીઓએ અપ્રમાણસર સંપત્તિના કેસના સંદર્ભમાં દરોડા પાડ્યા. બેંગલુરુ મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ (BMRCL) ના જમીન સંપાદન વિભાગના સર્વેયર સહિત ૧૨ સરકારી અધિકારીઓ સામે રાજ્યભરમાં એક સાથે દરોડા પાડવામાં આવ્યા. આ ૧૨ અધિકારીઓ સાથે જોડાયેલા અનેક સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. લોકાયુક્તના સૂત્રોના જણાવ્યા અનુસાર, દરોડા વહેલી સવારે શરૂ થયા હતા. જે લોકો પર દરોડા પાડવામાં




આવ્યા છે તેમાં હાસનમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાં પ્રથમ વર્ગના સહાયક જ્યોતિ મેરી; કલબુર્ગીમાં કૃષિ વિભાગના સહાયક નિયામક ધુલપ્પા; અને ચિત્રદુર્ગમાં કૃષિ વિભાગના સહાયક નિયામક ચંદ્ર કુમારનો સમાવેશ થાય છે.

# સોનમ વાંગચુકને હાલ કોઈ રાહત નહીં મળતા કસ્ટડીમાં રહેવું પડશે, હવે ૨૯મીએ સુનાવણી

નવીદિલ્હી,તા.૧૫

ક્લાયમેટ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકને હાલ સુપ્રીમ કોર્ટ તરફથી કોઈ રાહત મળી નથી. સુપ્રીમ કોર્ટ હવે ૨૯ ઓક્ટોબરે આ કેસની સુનાવણી કરશે. સુપ્રીમ કોર્ટે સોનમ વાંગચુકને તેમની પત્ની ગીતાંજલી સાથે તેમની અટકાયત સંબંધિત નોંધો શેર કરવાની મંજૂરી આપી હતી. લદાખ વહીવટીતંત્રે આનો વિરોધ કર્યો ન હતો. સોનમની પત્નીનું પ્રતિનિધિત્વ કરતા કપિલ સિબ્બલે કહ્યું કે તેઓ અરજીમાં સુધારો કરવા માંગે છે અને થોડો સમય માંગે છે. એસજી તુષાર મહેતાએ જણાવ્યું કે સોનમ વાંગચુકે તેમના વકીલને રજૂ કરેલા કારણો સમજાવ્યા હતા. તેમણે લેપટોપની વિનંતી કરી હતી. તેઓ તે તેમની પત્ની સાથે શેર કરવા માંગતા હતા, અને તેમાં કોઈ સમસ્યા નહોતી. તેમણે બે વાર તેમના વકીલોની સલાહ લીધી હતી.

# લોરેન્સ બિશ્નોઈની ગેંગના મુખ્ય સભ્ય અમિત પંડિતની અમેરિકામાં કરાઈ ધરપકડ

જયપુર,તા.૧૫

કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ અને રોહિત ગોદારાને મોટો ફટકો પડ્યો છે. તેમની ગેંગના મુખ્ય સભ્ય અમિત પંડિતની અમેરિકામાં ધરપકડ કરવામાં આવી છે. તેને ટૂંક સમયમાં ભારત પ્રત્યાર્પણ કરવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર, વિદેશમાં છુપાયેલા રોહિત ગોદારાનો રસ્તો હવે સરળ બની શકે છે. એડીજી



ક્રાઈમ દિનેશ એમએનએ અમિત પંડિત સામે વિદેશમાં થયેલી કાર્યવાહી વિશે માહિતી આપી છે. ગેંગસ્ટર અમિત શર્મા ઉર્ફે જેક પંડિતની રાજસ્થાન પોલીસની એન્ટી-ગેંગસ્ટર ટાસ્ક ફોર્સની માહિતીના આધારે ધરપકડ કરવામાં આવી. સમગ્ર કામગીરી એજીટીએફ પાસેથી મળેલી માહિતીના આધારે યુએસ એજન્સીઓ દ્વારા હાથ ધરવામાં આવી હતી. ગેંગસ્ટરને અમેરિકાથી પરત લાવવા માટે હવે તમામ તૈયારીઓ કરવામાં આવી રહી છે. રાજસ્થાન પોલીસ આ હેતુ માટે CBI અને ઇન્ટરપોલની મદદ લઈ રહી છે.

# અફઘાન સરહદ પર ફરી અથડામણ : પાકિસ્તાની હુમલામાં ૧૨ અફઘાન નાગરિકો માર્યા ગયા

કાબુલ,તા.૧૫

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે હિંસક અથડામણ ચાલુ છે. પાકિસ્તાનના એક નવા હુમલામાં અફઘાનિસ્તાનમાં ૧૨ નાગરિકો માર્યા ગયા અને ૧૦૦ થી વધુ ઘાયલ થયા. મીડિયા અહેવાલો અનુસાર, આ હુમલો પાકિસ્તાન દ્વારા કંદહાર પ્રાંતના સ્પિન બોલ્ડક વિસ્તારમાં કરવામાં આવ્યો હતો. દરમિયાન, પાકિસ્તાની સેનાએ બુધવારે દાવો કર્યો હતો કે તેણે



અફઘાન તાલિબાનના અનેક હુમલાઓને નિષ્ફળ બનાવ્યા છે અને બંને દેશો વચ્ચે સરહદ પર અથડામણની અલગ-અલગ ઘટનાઓમાં ૪૦ થી વધુ અફઘાન નાગરિકોને મારી નાખ્યા છે. અફઘાન વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઝબીઉલ્લાહ મુજાહિદે જણાવ્યું હતું કે પાકિસ્તાની સુરક્ષા દળોએ તેમના ક્ષેત્રમાં ભારે હથિયારોથી ગોળીબાર કર્યો હતો અને નાગરિક વિસ્તારોને નિશાન બનાવ્યા હતા. આ હુમલાઓ કંદહારના સ્પિન બોલ્ડક વિસ્તારમાં થયા હતા, જેમાં ૧૨ નાગરિકો માર્યા ગયા હતા અને ૧૦૦ થી વધુ ઘાયલ થયા હતા. અફઘાનિસ્તાને પણ વળતો જવાબ આપ્યો હતો. અફઘાનિસ્તાનનો દાવો છે કે તેમની કાર્યવાહીમાં ઘણા પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા હતા અને ઘણી પાકિસ્તાની ચોકીઓ કબજે કરવામાં આવી છે.

# ચૂંટણી પંચે ચૂંટણીમાં નાણાંના ઉપયોગ પર કડક કાર્યવાહી હાથ ધરી, રૂ.૩૩.૯૭ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો

નવીદિલ્હી,તા.૧૫

બિહાર વિધાનસભા ચૂંટણી અને સાત રાજ્યોના આઠ વિધાનસભા મતવિસ્તારોમાં આગામી પેટાચૂંટણીઓ પર ચૂંટણી પંચ કડક વલણ અપનાવી રહ્યું છે. ચૂંટણી પંચે ચૂંટણી દરમિયાન પૈસાના દુરુપયોગ અને મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસોને રોકવા માટે એક મોટું પગલું ભર્યું છે. પંચે તમામ વિધાનસભા મતવિસ્તારોમાં ખર્ચ નિરીક્ષકો તૈનાત કર્યા છે. ઉમેદવારોના ચૂંટણી ખર્ચ પર કોણ નજર રાખશે. આગામી ચૂંટણીઓમાં પૈસાની શક્તિ, મફત વસ્તુઓ, ડ્રગ્સ, માદક દ્રવ્યો અને દારૂના ઉપયોગને રોકવા માટે, ચૂંટણી પંચે બે તબક્કાની બિહાર વિધાનસભા ચૂંટણીઓ અને આઠ વિધાનસભા મતવિસ્તારોમાં પેટાચૂંટણીઓ માટે તમામ અમલીકરણ એજન્સીઓને સૂચનાઓ જારી




કરી છે. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, "તેમની મુલાકાત દરમિયાન, તેઓ ખર્ચ દેખરેખમાં રોકાયેલી તમામ ટીમો સાથે મુલાકાત કરશે. મતદારોને પ્રભાવિત કરવા માટે પૈસાની શક્તિ અથવા અન્ય પ્રલોભનોના કોઈપણ શંકાસ્પદ ઉપયોગ પર નજર રાખવા માટે ફ્લાઈંગ સ્ક્વોડ, સર્વેલન્સ ટીમો અને વીડિયો સર્વેલન્સ ટીમો ૨૪/૭ સતર્ક રહેશે." ચૂંટણી પંચે એ પણ અહેવાલ આપ્યો છે કે ચૂંટણીની જાહેરાત પછી વિવિધ અમલીકરણ એજન્સીઓએ ૩૩.૯૭ કરોડ રૂપિયાની રોકડ, દારૂ, ડ્રગ્સ અને મફત વસ્તુઓ જપ્ત કરી છે.

**અમરેલી જિલ્લાના પાંચેય ધારાસભ્યો સહિત રાજ્યના તમામ ધારાસભ્યોને ગાંધીનગર બોલાવાયા**

# ભૂપેન્દ્ર સરકારના મંત્રીમંડળનું ગમે ત્યારે વિસ્તરણ થાય તેવી સંભાવના

ગાંધીનગર,તા.૧૫

બિહાર વિધાનસભાની ચૂંટણી વચ્ચે દિલ્હીમાં વડાપ્રધાન નિવાસસ્થાને સોમવારે મોડી રાત સુધી ચાલેલી મેરેથોન બેઠક બાદ ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ (જગદીશ વિશ્વકર્મા) અને મહામંત્રી રત્નાકરની આ બેઠકમાં નવા મંત્રીમંડળની રચના અને ગુજરાત પ્રદેશ માળખાને નવો ઓપ આપવા અંગે ચર્ચા થઈ હતી. આ બેઠક બાદ ગુજરાતના નવા મંત્રીમંડળના શપથગ્રહણનું કાઉન્ટડાઉન શરુ થઈ ગયું છે. હવે ગમે તે ઘડીએ પાટનગર ગાંધીનગરમાં મંત્રીમંડળનું વિસ્તરણ થઈ શકે છે, જેના પગલે કોની વિદાય થશે અને કોની મંત્રીપદે એન્ટ્રી થશે તે અંગે રાજકીય અટકળોએ જોર પકડ્યું છે. સૂત્રોના મતે, વડાપ્રધાન નિવાસસ્થાને યોજાયેલી બેઠક બાદ મુખ્યમંત્રી, પ્રદેશ પ્રમુખ અને રત્નાકરે દિલ્હીમાં રોકાણ કર્યું હતું. આના કારણે મુખ્યમંત્રીનો કૃષિ મહોત્સવનો કાર્યક્રમ પણ રદ કરાયો હતો. ચર્ચા મુજબ, નવા મંત્રીમંડળમાં અંદાજે ૨૦થી ૨૨ સભ્યો હશે. જેમાંથી પાંચેક મંત્રીઓ યથાવત્ રહેશે, પરંતુ તેમના ખાતા બદલાઈ શકે છે. જોકે, દસેક વર્તમાન મંત્રીઓની હકાલપટ્ટી થવાના સંકેતો મળી રહ્યા છે. વર્તમાન ગૃહમંત્રી હર્ષ સંઘવી




અને રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી પ્રફુલ પાનસેરિયાને કેબિનેટનો દરજ્જો મળી શકે છે. યુવા અને અનુભવી ચહેરાઓને પ્રાધાન્ય આપવામાં આવશે. મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખ બન્ને અમદાવાદના હોવાથી નવા મંત્રીમંડળમાં સૌરાષ્ટ્રનું રાજકીય કદ વધે તેવી શક્યતા છે, જ્યારે સુરત-દક્ષિણ ગુજરાતનો દબદબો ઘટી શકે છે. નવા મંત્રીમંડળમાં સૌરાષ્ટ્રના પાંચેક ધારાસભ્યને સ્થાન મળે તો નવાઈ નહીં. ઉત્તર ગુજરાતમાંથી પણ બે-ત્રણ નેતાઓને મંત્રીપદની લોટરી લાગી શકે છે. ઝોનવાઈઝ ઉપરાંત સામાજિક-જ્ઞાતિ આધારે મંત્રીઓની પસંદગી કરવામાં આવશે. મંત્રીમંડળમાં લેઉઆ-કડવા પાટીદારને પ્રાધાન્ય મળશે. સાથે સાથે ઓબીસી, કોળી અને આદિવાસી નેતાઓનું પણ મહત્ત્વ જળવાશે. સૌરાષ્ટ્ર-કચ્છમાં કડવા-લેઉવા, ક્ષત્રિય-કોળી, દક્ષિણ ગુજરાતમાં આદિવાસી, ઉત્તર ગુજરાતમાં ઓબીસી અને મધ્ય ગુજરાતમાં સવર્ણને તક આપવાની ગણતરી છે. નવા મંત્રીમંડળમાં બે મહિલા ધારાસભ્યને તક મળી શકે છે. જેમાં રિવાબા જાડેજા, દર્શના દેશમુખ અને સંગીતા પાટીલના નામ ચર્ચામાં છે. આ ઉપરાંત, કોંગ્રેસ છોડીને ભાજપમાં આવેલા અર્જૂન મોઢવાડિયા અને અલ્પેશ ઠાકોરનો પણ મંત્રીમંડળમાં સમાવેશ થઈ શકે છે. હાઈકમાન્ડે ઘણાં નવા અને યુવા ચહેરાઓને તક આપવાનું મન બનાવ્યું છે. પાટીદારોને સાચવવાની ગણતરી સાથે જયેશ રાદડિયાને પુનઃ મંત્રીપદ મળી શકે છે, જ્યારે જીતુ વાઘાણીની પણ મંત્રીમંડળમાં રિ-એન્ટ્રીની અટકળો છે. મંત્રીમંડળનું વિસ્તરણ દિવાળી પહેલા થાય તો નવા મંત્રીઓ તહેવારો પહેલા જ નવી ભૂમિકામાં આવી શકે છે. અમરેલી જિલ્લાના પાંચેય ધારાસભ્યો સહિત તમામ ધારાસભ્યોને પણ ગાંધીનગર બોલાવવામાં આવ્યા છે.

# અમરેલીમાં ફટાકડાના વેપારીઓને ત્યાં જીએસટીના દરોડાથી ફફડાટ

અમરેલી,તા.૧૫

અમરેલી શહેરમાં ફટાકડાના વેપારીઓને ત્યાં જીએસટીના દરોડા પડ્યા હોવાનું જાણવા મળ્યુ છે. જીએસટીની ટીમે અમરેલીમાં ધામા નાખતા ફટાકડાના વેપારીઓની સાથે અન્ય વેપારીઓમાં પણ ફફડાટ ફેલાયો છે.

રાજયમાં થોડા સમય પહેલા




અનેક જિલ્લાઓમાં જીએસટી અને એસજીએસટીની ટીમે દરોડા પાડ્યા હતા. જેમાં ફટાકડાના વેપારીઓને જ નિશાન બનાવવામાં આવ્યા હતા ત્યારે હવે અમરેલી શહેરમાં ફટાકડાના વેપારીઓને ત્યાં જીએસટીની રેઈડ પડતા અમુક વેપારીઓ પોતાની દુકાનને બંધ કરી નાસી ગયા હતા. જીએસટીની તપાસમાં શું બહાર આવ્યું છે તે તપાસ બાદ જ ખબર પડશે. હાલ તો જીએસટીની ટીમે અમરેલીમાં ધામા નાખતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે.

**અચાનક જીએસટીની ટીમ ત્રાટકી, તપાસ શરૂ કરવામાં આવી**

# ભાવનગરમાં દીકરી સાથે માથાકૂટ કરનાર જમાઈની સાસરિયાઓએ નિર્મમ હત્યા કરી

ભાવનગર,તા.૧૫

ભાવનગર શહેરના દેસાઈનગરમાં સાસરિયાઓએ જમાઈની હત્યા કર્યાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. યુવાનની તીક્ષ્ણ હથિયારના ઘા મારીને ક્રૂરતાથી હત્યા કરવામાં આવી હતી. શહેરના દેસાઈનગર પુલ પાસે સસરાએ જમાઈ ઉપર ઘાતક હુમલો કરી હત્યા કરી હતી. પતિ-પત્ની વચ્ચે ઘણા સમયથી



છૂટાછેડાનો કેસ ચાલી રહ્યો હોવાથી રસ્તા પર સાસરિયાએ જમાઈની હત્યા કરી હતી. હત્યા બાદ વિસ્તારમાં લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. ભાવનગર શહેરના દેસાઈનગર વિસ્તારમાં દિવાળીના તહેવાર પહેલા હત્યાનો બનાવ બન્યો હતો. જમાઈ સુરેશભાઈ શરદભાઈ રાઠોડ નામના યુવાનની તીક્ષ્ણ હથિયારના ઘા મારીને ક્રૂરતાથી હત્યા કરવામાં આવી હતી. પતિ-પત્ની વચ્ચે છૂટાછેડાનો કેસ ચાલી રહ્યો હોવાથી સસરાએ રસ્તા પર જમાઈની હત્યા કરી હતી. મૃતક સુરેશભાઈ શરદભાઈ રાઠોડ રિક્ષા ચલાવતા હતા.

# અમદાવાદની જેજી યુનિવર્સિટીમાં એબીવીપી અને પોલીસ વચ્ચે ઘર્ષણથી ટોળું બેકાબુ બન્યું

અમદાવાદ,તા.૧૫

ગત ૧૦ તારીખના રોજ અમદાવાદની જેજી યુનિવર્સિટીમાં સિક્યુરિટી અને એબીવીપીના કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું હતું. આ ઘટનામાં લાકડીઓ અને લોખંડની પાઈપો વડે મારામારી થતા એબીવીપીના કેટલાક કાર્યકર્તાઓ ઈજાગ્રસ્ત થયા હતા. જેને લઈને અખિલ ભારતીય વિદ્યાર્થી સંગઠન હવે લડી લેવાના મૂડમાં આવી ગયું છે. દૂરદર્શન ટાવરથી લઈને જેજી યુનિવર્સિટી સુધી ABVPના કાર્યકર્તાઓએ મોટી સંખ્યામાં રેલી કાઢી હતી. કાર્યકરોને કોલેજમાં જતા અટકાવવા માટે ગેટ પર જ મોટી સંખ્યામાં પોલીસ કાફલો તહેનાત કરી દેવાયો હતો. એબીવીપીની કારોબારી બેઠકમાં થોડા સમય પહેલા જેજી યુનિવર્સિટીના



બાઉન્સરો, સ્ટાફ સાથે માથાકૂટ થઈ હતી ત્યારે સમગ્ર મામલે ગંભીર રૂપ ધારણ કરી લીધું છે. જેથી બુધવારે એબીવીપી દ્વારા જેજી યુનિવર્સિટીમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું જેમાં ૨૦૦થી વધુ એબીવીપીના કાર્યકરો દૂરદર્શન ટાવરથી રેલી સ્વરૂપે યુનિવર્સિટી ખાતે પહોંચ્યા હતા. જેથી રસ્તા પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.

# વલસાડ જિલ્લામાં ભૂકંપનો આંચકો આવતા લોકો ભયના માર્યા બહાર દોડી આવ્યા

વલસાડ, તા.૧૫

દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લામાં બુધવારે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જેના કારણે જિલ્લાના કેટલાક વિસ્તારોમાં લોકોમાં થોડો ગભરાટ ફેલાયો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી દ્વારા મળેલી માહિતી અનુસાર આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૨.૫ માપવામાં આવી હતી. મળતી માહિતી પ્રમાણે, ભૂકંપનું કેન્દ્રબિંદુ વલસાડ શહેરથી લગભગ ૪૬ કિલોમીટર દૂર નોંધાયું હતું. આ આંચકો બપોરના સમયે અનુભવાયો હતો અને તેની અસર મુખ્યત્વે જિલ્લાના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વધુ જોવા મળી હતી. આ આંચકો ઓછી તીવ્રતાનો હતો, પરંતુ જમીન ધ્રૂજવાના કારણે લોકો ઘરમાંથી બહાર દોડી આવ્યા હતા. જોકે, રાહતની વાત એ છે કે આ ભૂકંપના આંચકાને કારણે કોઈપણ પ્રકારની જાનહાનિ કે માલ-મિલકતને નુકસાન થયાના કોઈ અહેવાલો પ્રાપ્ત થયા નથી.

# અમદાવાદનાં સરખેજ વિસ્તારમાં ૧૫ વર્ષીય સગીરાનો મૃતદેહ મળી આવતાં ખળભળાટ

અમદાવાદ,તા.૧૫

અમદાવાદના સરખેજ વિસ્તારની નરીમનપુરા કેનાલમાંથી મંગળવારે સાંજે એક ૧૫ વર્ષીય સગીરાનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. પોલીસે સગીરાના બોયફ્રેન્ડ દ્વારા હત્યા કરી મૃતદેહને કેનાલમાં ફેંકી દેવામાં આવ્યો હોવાની આશંકા વ્યક્ત કરી છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, કેનાલમાં મૃતદેહ સૌપ્રથમ સ્થાનિક લોકોએ જોયો હતો, જેમણે તરત જ સરખેજ પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે આવીને તપાસ હાથ ધરી હતી અને મૃતકની ઓળખ માટે સગીરાની માતાને બોલાવવામાં આવી હતી. માતાએ મૃતદેહ તેમની ગુમ



થયેલી પુત્રીનો હોવાની પુષ્ટિ કરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતકના ગળા અને ચહેરા પર ઈજાના નિશાન જોવા મળ્યા હતા, જેથી અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે કેનાલમાં ફેંકતા પહેલા સગીરાનું ગળું દબાવીને હત્યા કરવામાં આવી હોઈ શકે છે. પોલીસે જણાવ્યું હતું કે મૃતક સગીરા અજય ઠાકોર નામના રિક્ષાચાલક સાથે પ્રેમ સંબંધમાં હતી.

# અમદાવાદના મકરબા વિસ્તારમાં ૧૧મા માળે આગ લાગી : ૪ વિદ્યાર્થીઓ દાઝ્યા

**ધુમાડાને કારણે વિદ્યાર્થીઓ બેભાન થઈ ગયા હતા**

અમદાવાદ,તા.૧૫

અમદાવાદના મકરબા વિસ્તારમાં આવેલા સીવી સ્ટ્રેટા બિલ્ડિંગમાં ૧૧મા માળે LJ કોલેજમાં અભ્યાસ કરતા ૪ યુવક પીજી તરીકે રહેતા હતા.





ગત મોડીરાત્રે યુવકો રિસર્ચ માટે લિથિયમ ઈલેક્ટ્રિક બેટરી લઈને ઘરે આવ્યા હતા. તેઓ સૂતા હતા એ દરમિયાન એકાએક બેટરી ફાટતાં આખા ઘરમાં આગ ફેલાઈ ગઈ હતી. એ સમયે ઘર બંધ હોવાથી ચારેય યુવક દાઝ્યા હતા અને ધુમાડાના કારણે બેભાન થઈ ગયા હતા. તાત્કાલિક ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવતાં પ્રહલાદનગર ફાયર સ્ટેશનની બે ગાડી ઘટનાસ્થળે પહોંચી હતી અને ઘરમાં રહેલા દાઝી ગયેલા યુવકોને સારવાર અર્થે સોલા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

# ગોંડલમાં રાજકુમાર જાટની હત્યાની તપાસ સુરેન્દ્રનગર એસ.પી.ને સોંપાઈ

અમદાવાદ,તા.૧૫

ગોંડલમાં રહેતા રાજકુમાર જાટ નામના ૨૪ વર્ષીય યુવકનું શંકાસ્પદ મોત થતા તેમના પરિવારજનો દ્વારા ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ અને તેમના પરિવારજનો સામે ગંભીર આક્ષેપ કર્યા હતા. જે તે સમયે આ મામલે રાજકોટના કુવાડવા પોલીસ સ્ટેશનમાં અકસ્માતનો



ગુનો નોંધાયો હતો. પરંતુ, યુવકના પરિવારનું માનવું છે કે તેનું અકસ્માતે મૃત્યુ નહીં, પરંતુ હત્યા થઈ છે. આ હત્યામાં પૂર્વ MLA જયરાજસિંહ અને તેનો પુત્ર ગણેશ ગોંડલ સામેલ છે. પરંતુ સ્થાનિક પોલીસ તેને બચાવી રહી છે. જેથી આ ફરિયાદની વધુ તપાસ CBI ને સોંપવા ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. જે અરજી ઉપર ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી યોજાઈ હતી. હાઈકોર્ટના છેલ્લા હુકમ મુજબ કેસની તપાસ રાજકોટ જિલ્લા બહારના અધિકારીને સોંપવા સંદર્ભે સરકારી વકીલે SP સુરેન્દ્રનગર પ્રેમસુખ ડેલુ અને Dysp જે.ડી. પુરોહિતનું નામ હાઈકોર્ટ સમક્ષ આપ્યું હતું. Dysp જાતે આ કેસમાં હવે સ્ટેટમેન્ટ રેકોર્ડ કરશે. નવી તપાસ કમિટી નવેસરથી તપાસ હાથ ધશે અને તપાસનો પ્રથમ પ્રોગ્રેસ રિપોર્ટ ૧૦ ડિસેમ્બરે ગુજરાત હાઈકોર્ટ સમક્ષ મૂકશે.




# અમદાવાદમાં ત્રણ દિવસ નાગરિકો એએમટીએસમાં મફત મુસાફરી કરશે

અમદાવાદ,તા.૧૫

આગામી દિવાળી તહેવારના ત્રણ દિવસ અમદાવાદ શહેરના નાગરિકો AMTS બસમાં મુસાફરી કરી શકશે. ધનતેરસ, કાળીચૌદસ



અને દિવાળી એમ ત્રણ દિવસ તમામ પ્રવાસીઓને મફત મુસાફરી કરવા દેવા અંગેનો સૌ પ્રથમ વખત નિર્ણય AMTS કમિટી દ્વારા લેવામાં આવ્યો છે. ચેરમેન ધરમશી દેસાઈએ જણાવ્યું હતું કે અમદાવાદમાં દિવાળીના તહેવારોમાં શહેરના વિવિધ વિસ્તારોમાંથી તેમજ બહારગામથી પણ કેટલાંક લોકો ખરીદી કરવા આવતા હોય છે. દેશમાં આત્મનિર્ભર ભારત અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

